dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-181 | AD-2026, Chaitra Vad -06 | Wednesday, Dt. 08-04-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ઈરાની મિસાઈલ હુમલા બાદ સાઉદી અરેબિયાએ પણ સાવચેતીના પગલાં લીધા

## ઈરાનના નાગરિકોને રેલ્વે મુસાફરી નહી કરવા ઈઝરાયેલની ચેતવણી

**‘અમે દુશ્મનને યોગ્ય જવાબ આપીશું’: ઈરાની સુપ્રીમ લીડર**


દુબઈ,તા.૦૭

મધ્ય પૂર્વમાં તણાવ હવે તેની ચરમસીમાએ પહોંચી ગયો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાનને આપવામાં આવેલી અંતિમ સમયમર્યાદા (ડેડલાઈન) આજે પૂર્ણ થઈ રહી છે. આ પરિસ્થિતિ વચ્ચે ઈઝરાયલે ઈરાનના નાગરિકોને રેલ્વે મુસાફરી ટાળવા માટે સીધી ચેતવણી આપી છે, જે સૂચવે છે કે હવે ઈઝરાયલ ઈરાની પરિવહન વ્યવસ્થા અને રેલ્વે નેટવર્ક જેવા નવા લક્ષ્યોને નિશાન બનાવી શકે છે.

અમેરિકાએ સ્પષ્ટ કર્યું છે કે જો ઈરાન નિર્ધારિત સમયમાં હોર્મુઝ સ્ટ્રેટ (Hromuz Strait) ખુલ્લો નહીં કરે અને કોઈ સમજૂતી પર નહીં પહોંચે, તો યુએસ સૈન્ય ઈરાન વિરુદ્ધ આકરી કાર્યવાહી કરશે. ટ્રમ્પે તો ત્યાં સુધી કહ્યું છે કે જો અમેરિકા ઈચ્છે તો તે ‘રાતોરાત ઈરાનનો નાશ કરી શકે છે.’ આ આર્થિક અને સૈન્ય દબાણ વચ્ચે ઈરાન પર ચોમેરથી સંકટ ઘેરાયું છે.

ઈઝરાયલી સૈન્યએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘X’ પર ફારસી ભાષામાં એક મહત્વપૂર્ણ પોસ્ટ મૂકી છે. જેમાં ઈરાની નાગરિકોને રાત્રે ૯ વાગ્યા પછી ટ્રેન મુસાફરી ન કરવા જણાવાયું છે. પોસ્ટમાં ગંભીર શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે, ‘તમારી હાજરી તમારા



જીવનને જોખમમાં મૂકી શકે છે.’ નિષ્ણાતો માને છે કે જ્યારે કોઈ દેશ નાગરિકોને ચોક્કસ સ્થળોથી દૂર રહેવા કહે છે, ત્યારે તેનો અર્થ એ થાય કે તે સ્થળો પર ટૂંક સમયમાં બોમ્બમારો કે મિસાઈલ હુમલા થઈ શકે છે.જોકે, ઈરાનમાં ઈન્ટરનેટ સેવાઓ લાંબા સમયથી બંધ હોવાને કારણે આ ચેતવણી સામાન્ય લોકો સુધી પહોંચવી મુશ્કેલ છે. આથી વિદેશી સેટેલાઈટ ચેનલો દ્વારા આ માહિતી ફેલાવવામાં આવી રહી છે.

ઈરાની મિસાઈલ હુમલા બાદ સાઉદી અરેબિયાએ પણ સાવચેતીના પગલાં લીધા છે. સાઉદીએ તેના પૂર્વીય પ્રાંતમાં થયેલા હુમલા બાદ બહેરીન સાથે જોડતો એકમાત્ર રસ્તો બંધ કરી દીધો છે. બીજી તરફ, ઈરાન સરકાર તેના યુવાનોને પાવર પ્લાન્ટ્સની આસપાસ ‘માનવ સાંકળ‘ બનાવીને તેનું રક્ષણ કરવા અપીલ કરી રહી છે, જેથી સંભવિત હવાઈ હુમલાઓને રોકી શકાય.

ઈરાનના સુપ્રીમ લીડર મોજતબા ખામેનીએ આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો છે કે ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) ના ટોચના કમાન્ડરોની હત્યા છતાં દેશ ડગશે નહીં. તાજેતરમાં મેજર જનરલ માજિદ ખાદેમી અને અસગર બાઘેરી જેવા વરિષ્ઠ અધિકારીઓના મોતના અહેવાલો બાદ ખામેનીએ લેખિત સંદેશમાં જણાવ્યું હતું કે, ‘આપણા લડવૈયાઓનું મનોબળ નબળું પડશે નહીં અને અમે દુશ્મનને યોગ્ય જવાબ આપીશું.’

ઈઝરાયલી સંરક્ષણ પ્રધાન ઈઝરાયલ કાત્ઝે મેજર જનરલ ખાદેમીના મૃત્યુની પુષ્ટિ કરતા તેમને ઈઝરાયલી નાગરિકો પર થયેલા હુમલાઓ માટે જવાબદાર ગણાવ્યા હતા. ફેબ્રુઆરીના અંતથી શરૂ થયેલા આ સંઘર્ષમાં અત્યાર સુધીમાં અનેક ઈરાની રાજકારણીઓ અને સૈન્ય નેતાઓએ જીવ ગુમાવ્યો છે.

## જમ્મુ-કાશ્મીરમાંથી લશ્કર-એ-તૈયબાના બે આંતકીઓ સહિત પાંચ ઝડપાયા

શ્રીનગર,તા.૦૭

જમ્મુ-કાશ્મીર પોલીસ અને કેન્દ્રીય એજન્સીઓએ સંયુક્ત ઓપરેશન હાથ ધરીને લશ્કર-એ-તૈયબાના એક મોટા ટેરર મોડ્યુલને તોડી પાડવામાં નોંધપાત્ર સફળતા મેળવી છે. આ કાર્યવાહી દરમિયાન કુલ પાંચ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે જેમાં બે ખતરનાક પાકિસ્તાની આતંકવાદીઓનો સમાવેશ થાય છે. આ ઓપરેશનની સૌથી મહત્વની કડી અબ્દુલ્લા ઉર્ફે અબુ હુરેરા છે જે છેલ્લા સોળ વર્ષથી સુરક્ષા એજન્સીઓને થાપ આપીને ફરાર હતો. તેની સાથે




અન્ય એક પાકિસ્તાની આતંકવાદી ઉસ્માન ઉર્ફે ખુબૈબની પણ ધરપકડ કરવામાં આવી છે. આ સફળતા માત્ર કાશ્મીર પૂરતી મર્યાદિત નહોતી પરંતુ તપાસના તાર છેક રાજસ્થાન અને હરિયાણા સુધી જોડાયેલા હતા જેના કારણે કુલ ઓગણીસ જેટલા વિવિધ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. આ ઓપરેશન દરમિયાન શ્રીનગરના ત્રણ સ્થાનિક મદદગારો મોહમ્મદ નકીબ ભટ્ટ, આદિલ રાશિદ ભટ્ટ અને ગુલામ મોહમ્મદ મીર ઉર્ફે મામાને પણ ઝડપી લેવામાં આવ્યા છે. આ લોકો આતંકવાદીઓને રહેવા માટે આશ્રય, ભોજન અને અન્ય લોજિસ્ટિક્સ સુવિધાઓ પૂરી પાડતા હતા. તપાસમાં એ વાત સામે આવી છે કે આ નેટવર્ક આતંકવાદીઓને આર્થિક મદદ પૂરી પાડવા માટે પણ સક્રિય હતું. દરોડા દરમિયાન મોટા પ્રમાણમાં વાંધાજનક સામગ્રી અને સામાન જપ્ત કરવામાં આવ્યો છે જે આતંકવાદી પ્રવૃત્તિઓના પુરાવા તરીકે કામ કરશે. આ પર્દાફાશથી સરહદ પારથી ચાલતા આતંકી નેટવર્કને મોટો ફટકો પડ્યો છે અને સ્થાનિક સ્તરે તેમને મળતી મદદ પર પણ લગામ કસવામાં આવી છે.

## આસામ, કેરળ અને પુડુચેરીમાં પ્રચારના પડઘમ શાંત થયા, આવતીકાલે મતદાન

નવી દિલ્હી,તા.૦૭

ભારતના ત્રણ મહત્વના રાજ્યા-આસામ, કેરળ અને પુડુચેરીમાં ૯ એપ્રિલના રોજ યોજાનારી વિધાનસભા ચૂંટણી માટેનો સત્તાવાર પ્રચાર આજે સાંજે પૂર્ણ થયો છે. પ્રચારના અંતિમ દિવસે ભાજપ, કોંગ્રેસ અને ડાબેરી પક્ષોના દિગ્ગજ નેતાઓએ રોડ-શો અને રેલીઓ દ્વારા મતદારોને રીઝવવાના અંતિમ પ્રયાસો કર્યા હતા. હવે ‘સાયલન્સ પીરિયડ’ શરૂ થતા જાહેર સભાઓ કે મોટી રેલીઓ પર પ્રતિબંધ રહેશે.




આસામની ૧૨૬ બેઠકો, કેરળની ૧૪૦ અને પુડુચેરીની ૩૦ બેઠકો પર ગુરુવારે એક જ તબક્કામાં મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. કેરળમાં ખાસ કરીને ૨.૭૧ કરોડ મતદારો ૮૯૦ ઉમેદવારોનું રાજકીય ભવિષ્ય નક્કી કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે એનડીએના પ્રચારની કમાન સંભાળી હતી, જ્યારે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીએ યુડીએફ માટે જોરશોરથી પ્રચાર કર્યો હતો. કેરળમાં સત્તાધારી એલડીએફ તરફથી મુખ્યમંત્રી પિનરાઈ વિજયને મોરચો સંભાળ્યો હતો. બીજી તરફ, તમિલનાડુની ૨૩૪ બેઠકો અને પશ્ચિમ બંગાળના પ્રથમ તબક્કાની ૧૫૨ બેઠકો માટે ૨૩ એપ્રિલે મતદાન થશે. બંગાળમાં બીજા તબક્કાનું મતદાન ૨૯ એપ્રિલે યોજાશે. તમામ પાંચેય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશના પરિણામો ૪ મેના રોજ જાહેર કરવામાં આવશે. ચૂંટણી પંચે શાંતિપૂર્ણ મતદાન માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે.

### આક્રોશિત ભીડે પેટ્રોલ પંપ પાસે ઉભેલા બે ઓઇલ ટેન્કર અને એક ટ્રકને આગ ચાંપી

## મણિપુરમાં ફરી હિંસા ભડકી : ઉગ્રવાદીઓએ બોમ્બ ફેંકતા બે બાળકોના મોત

ઈમ્ફાલ,તા.૦૭

મણિપુરના બિષ્ણુપુર જિલ્લામાં તાજેતરમાં બનેલી હૃદયદ્રાવક ઘટનાએ સમગ્ર રાજ્યને હચમચાવી દીધું છે. મોઈરાંગ ટ્રોંગલાઓબી વિસ્તારમાં ઉગ્રવાદીઓ દ્વારા એક રહેણાંક મકાન પર કરવામાં આવેલા ઘાતકી બોમ્બ હુમલામાં પાંચ વર્ષના માસૂમ પુત્ર અને માત્ર છ મહિનાની બાળકીએ જીવ ગુમાવ્યો છે. જ્યારે આ કરૂણ ઘટના ઘટી ત્યારે બંને બાળકો તેમની માતા સાથે બેડરૂમમાં નિદ્રાધીન હતા. આ વિસ્ફોટમાં




માતા ગંભીર રીતે ઘાયલ થયા છે અને હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ હુમલો એવા સમયે થયો છે જ્યારે મણિપુર ધીરે ધીરે શાંતિ તરફ ડગલાં માંડી રહ્યું હતું, પરંતુ આ ઘટનાએ ફરી એકવાર માનવતા અને સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર સવાલો ઉભા કર્યા છે.આ ઘટનાના સમાચાર વાયુવેગે ફેલાતા જ સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. મંગળવારે સવારે મોટી સંખ્યામાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને હિંસક વિરોધ પ્રદર્શન શરૂ કર્યું હતું. આક્રોશિત ભીડે પેટ્રોલ પંપ પાસે ઉભેલા બે ઓઈલ ટેન્કર અને એક ટ્રકને આગ ચાંપી દીધી હતી. વિરોધનું વરવું સ્વરૂપ ત્યારે જોવા મળ્યું જ્યારે લોકોએ મોઈરાંગ પોલીસ સ્ટેશન સામે ટાયર સળગાવ્યા અને એક પોલીસ ચોકીમાં તોડફોડ કરી હતી. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે વિસ્તારમાં વધારાના સુરક્ષા દળો તૈનાત કરવા પડ્યા છે. રાજ્યના મુખ્યમંત્રી વાય ખેમચંદ સિંહે હોસ્પિટલમાં પીડિત માતાની મુલાકાત લીધી અને આ હુમલાને જઘન્ય આતંકવાદી કૃત્ય ગણાવ્યું હતું. તેમણે ખાતરી આપી છે કે આ માટે જવાબદાર ગુનેગારોની ઓળખ કરીને તેમની સામે કાયદાકીય રીતે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે. મણિપુરના પહાડી વિસ્તારોની નજીક આવેલા આ સંવેદનશીલ વિસ્તારમાં શાંતિ જાળવી રાખવી હવે સુરક્ષા દળો માટે એક મોટો પડકાર બની ગયો છે.

## આજથી મોંઘી થશે હવાઈ મુસાફરી : એર ઈન્ડિયાએ ઈંધણ સરચાર્જમાં કર્યો વધારો

નવી દિલ્હી,તા.૦૭

ટાટા ગ્રુપની એર ઈન્ડિયાએ ૮ એપ્રિલથી ભાડામાં વધારો કરવાની જાહેરાત કરી છે. વૈશ્વિક સ્તરે જેટ ઈંધણ (ATF) ના ભાવમાં થયેલા તોતિંગ વધારાને કારણે કંપનીએ હવે અંતરના આધારે નવું સરચાર્જ માળખું લાગુ કર્યું છે. નવા નિયમ મુજબ, ૫૦૦ કિમી સુધીના અંતર માટે રૂ.૨૯૯ અને ૨,૦૦૦ કિમીથી વધુના અંતર માટે રૂ.૮૯૯ સુધીનો વધારાનો ચાર્જ ચૂકવવો



પડશે. આ ફેરફારને કારણે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને રૂટ પર ટિકિટ મોંઘી થશે. નોંધનીય છે કે ફેબ્રુઆરીની સરખામણીએ ઈંધણના ભાવમાં અંદાજે ૧૦૦% નો વધારો જોવા મળ્યો છે, જેની સીધી અસર હવે મુસાફરોના ખીસ્સા પર પડશે.





## દિલ્હીમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતાના ઘરે આસામ પોલીસના દરોડા

નવી દિલ્હી,તા.૦૭

દિલ્હીમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા પવન ખેડાના નિવાસસ્થાને મંગળવારે સવારે આસામ પોલીસે દરોડા પાડીને પૂછપરછ શરૂ કરી છે. આ



કાર્યવાહી પાછળનું મુખ્ય કારણ ખેડા દ્વારા આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાની પત્ની રિન્કી ભુઈયાં પર લગાવવામાં આવેલા ગંભીર આરોપો હોવાનું મનાય છે. રવિવારે એક પ્રેસ કોન્ફરન્સમાં ખેડાએ દાવો કર્યો હતો કે રિન્કી પાસે ઈજિપ્ત, એન્ટિગુઆ-બાર્બુડા અને યુએઈ એમ ત્રણ દેશોના પાસપોર્ટ છે. મુખ્યમંત્રી હિમંતાએ આ આરોપોને સદંતર પાયાવિહોણા ગણાવ્યા છે અને તેને પરિવારની છબી ખરડવાનો પ્રયાસ ગણાવ્યો છે. હિમંતાએ સ્પષ્ટ કર્યું કે તેઓ આ મામલે કાયદાકીય લડત લડશે. મંગળવારે જ રિન્કી ભુઈયાંએ પવન ખેડા વિરુદ્ધ માનહાનિની ફરિયાદ નોંધાવી હતી, જેના પગલે પોલીસ એક્શનમાં આવી છે.



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
02
બુધવાર, તા.૦૮-૦૪-૨૦૨૬

**ગટર સફાઈ કરવા આવેલા કર્મચારીઓ કામગીરી પડતી મુકી જતા રહ્યા**

# અમરેલીના ચિત્તલ રોડ પરના રહેવાસીઓની હાલત કફોડી

**કામચોર કર્મચારીઓ સામે કડક કાર્યવાહી કરવાની રહેવાસીઓની માંગ**



અમરેલી,તા.૦૭

અમરેલીના ચિત્તલ રોડ પર આવેલી પોસ્ટલ સોસાયટીમાં બ્લોક નંબર ૩૩ થી ૩૬ વિસ્તારમાં ગટર જામ થવાની સમસ્યા છેલ્લા એક માસથી વકરી છે. વારંવારની રજૂઆતો બાદ બે દિવસ પૂર્વે નગરપાલિકાનો સ્ટાફ પ્રેશર મશીન સાથે આવ્યો ખરો, પરંતુ જૂના ઢાંકણા તોડીને અધૂરી કામગીરી મૂકી 'મોટા મશીનની જરૂર પડશે' તેમ કહી ચાલતી પકડતા રહેવાસીઓ મુશ્કેલીમાં મુકાયા છે.

નવાઈની વાત તો એ છે કે આળસુ કર્મચારીઓએ ગટરની સફાઈ કર્યા વગર જ રાતોરાત નવા ઢાંકણા ફિટ કરી દઈ પોતાની કામગીરી પૂર્ણ થયાનો સંતોષ માની લીધો છે. પાલિકા તંત્રની આ ગંભીર બેદરકારી અને નફફટાઈને કારણે વિસ્તારમાં ગટરના ગંદા પાણીની સમસ્યા યથાવત રહી છે, જેનાથી સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. હાલમાં સોસાયટીના સભ્યો દ્વારા આ કામચોર અને બિનજવાબદાર કર્મચારીઓ સામે સખત શિક્ષાત્મક પગલાં લેવાની ઉગ્ર માંગણી કરવામાં આવી છે.

# અમરેલી જિલ્લામાં બદલી પામી આવેલા પોલીસ અધિકારીઓને પોલીસ સ્ટેશન સોંપાયા

**નવા પોલીસ અધિકારીઓને તાત્કાલિક પોલીસ સ્ટેશનનો ચાર્જ સંભાળવા સૂચના**

અમરેલી,તા.૦૭

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈ ચૂંટણીપંચના આદેશ મુજબ પોલીસ અધિકારીઓની બદલી કરવાના આદેશ કરવામાં આવ્યા હતા. જેમાં અમરેલી જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અધિકારીઓની પણ બદલી થઈ હતી તો જિલ્લામાં નવા પોલીસ અધિકારીઓનું આગમન પણ થયુ છે. નવા આવેલા પોલીસ અધિકારીઓને જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા વિવિધ પોલીસ સ્ટેશનમાં ચાર્જ સંભાળવા માટે આદેશ કરવામાં આવ્યા છે. જેમાં બી.જી.ઈશરાણીને એસ.ઓ.જી.,એમ.એમ.ઝાલાને અમરેલી શહેર, વી.કે.ગોલવેલકરને બગસરા,એમ.બી.ઔસુરાને લાઠી, આર.આર.પરમારને બાબરા, કે.બી.સોલંકીને સાવરકુંડલા ટાઉન, વી.કે.રાઠોડને મરીન પીપાવાવ, એન.જી.જાડેજાને દામનગર અને જે.આર.ભાયકનને મહિલા યુનિટમાં નિમણૂંક આપવામાં આવી છે.

# મહેશ કસવાલાના પ્રયાસોથી સા.કુંડલાના ગ્રામ્ય માર્ગો માટે રૂ.૩.૫૫ કરોડ મંજૂર

**રામગઢ, જાબાળ અને નવાગામ સહિતના વિસ્તારોમાં રસ્તાનું માળખું મજબૂત બનશે**




સાવરકુંડલા,તા.૦૭

સાવરકુંડલા વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની સક્રિય રજૂઆતના પરિણામે રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દ્વારા તાલુકાના વિવિધ ગ્રામ્ય માર્ગો માટે કુલ રૂ.૩.૫૫ કરોડના વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.

આ નિર્ણયથી સાવરકુંડલા સહિત લીલીયા અને ગારીયાધાર તાલુકાના અનેક ગામોને સીધો લાભ મળશે. મંજૂર થયેલા કામોમાં મુખ્યત્વે રામગઢ-જાબાળ રોડ માટે રૂ.૧.૨૫ કરોડ, નવાગામ-જાંબુડા રોડ માટે રૂ.૮૦ લાખ અને પીયાવા-ખાલપર રોડ માટે રૂ.૧.૫૦ કરોડનો સમાવેશ થાય છે. ધારાસભ્ય મહેશ કસવાલાએ આ જનહિતલક્ષી કામોને ત્વરિત મંજૂરી આપવા બદલ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# ગજેરા ફાર્મસી મહિલા કોલેજે યુનિવર્સિટીમાં ચોથુ સ્થાન મેળવી અમરેલીનું ગૌરવ વધાર્યુ

અમરેલી,તા.૦૭



શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ-સુરત સંચાલિત શ્રીમતી સી. વી. ગજેરા ફાર્મસી મહિલા કોલેજે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ના પરિણામોમાં ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. તાજેતરમાં જાહેર થયેલા B.Pharm સેમેસ્ટર-૩ના યુનિવર્સિટી પરિણામોમાં આ કોલેજે સમગ્ર યુનિવર્સિટીમાં ટોપ-૧૦માં ચોથું સ્થાન પ્રાપ્ત કરીને અમરેલીનું ગૌરવ વધાર્યું છે. કોલેજના તેજસ્વી વિદ્યાર્થીનીઓની વાત કરીએ તો રાવળ નિધી ૯.૨૯ SPI સાથે કોલેજમાં પ્રથમ સ્થાન.ચૌહાણ પૂજાએ ૯.૨૧ SPI સાથે કોલેજમાં દ્વિતીય સ્થાન.ધાનાણી મનસ્વી એસ. ૯.૧૪ SPI સાથે કોલેજમાં તૃતીય સ્થાન મેળવ્યું છે. આ ભવ્ય સફળતા બદલ ગજેરા શૈક્ષણિક સંકુલના મેનેજમેન્ટ, સ્ટાફ અને વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# બાબરાના ૧૭ વર્ષીય ભદ્રાક્ષ રવૈયાએ શ્રીમદ ભગવદ્ ગીતા પર સુવર્ણ ચંદ્રક જીત્યો

બાબરા,તા.૦૭



રાજભવન ખાતે શિક્ષણ મંત્રીના હસ્તે 'ગીતા ભૂષણ' એવોર્ડ અને રૂ.૫૧,૦૦૦ના પુરસ્કારથી સન્માનિત . બાબરાના વતની અને સોલા ભાગવત વિદ્યાપીઠના વિદ્યાર્થી ભદ્રાક્ષ હિતેશભાઈ રવૈયાએ નાની ઉંમરે આધ્યાત્મિક ક્ષેત્રે ઈતિહાસ રચ્યો છે. સાત વર્ષ પૂર્વે માતાનું છત્ર ગુમાવવા છતાં, મક્કમ મનોબળ સાથે તેમણે ગીતાના ૧૮ અધ્યાય મુખપાઠ કરી કાંચીપુરમ ખાતેની રાષ્ટ્રીય સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે. તાજેતરમાં રાજભવન ખાતે શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાંઝાના હસ્તે તેમને 'ગીતા ભૂષણ' એવોર્ડ અને રૂ.૫૧,૦૦૦નું પ્રોત્સાહન અર્પણ કરાયું હતું. ૫ વર્ષના કઠોર પરિશ્રમ થકી મેળવેલી આ સફળતા સમાજ માટે પ્રેરણારૂપ બની છે.

# સાવરકુંડલામાંથી પરિણીતા બે પુત્રો સાથે ઘરેથી ચાલી નીકળી

**તપાસ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં પોલીસને જાણ કરાઈ**

સાવરકુંડલા, તા.૭

સાવરકુંડલામાં રહેતી એક પરિણીતા તેના બે પુત્રો સાથે ઘરેથી ચાલી નીકળી હતી. બનાવ અંગે નિરવભાઈ મગનભાઈ બોરીસાગર (ઉ.વ.૩૧)એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની ભાવનાબેન (ઉ.વ.૩૧) તેના ઘરેથી પોતાના બન્ને બાળકોને લઈને કોઈને જાણ કર્યા વગર ક્યાંક જતી રહી હતી. તપાસ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં પોલીસને જાણ કરાઈ હતી. સાવરકુંડલા ટાઉન પોલસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન. એન. ખસતીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# તોરી ગામે સ્વામિનારાયણ મંદિરનો ૬૨મો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો

વડિયા,તા.૦૭



વડિયા તાલુકાના તોરી ગામે શ્રી સ્વામિનારાયણ મંદિર (પુરુષો)નો ૬૨મા વાર્ષિક પાટોત્સવની પૂર્ણાહુતિ થઈ હતી. આ અવસરે શ્રી હરિ ચારિત્ર્ય કથાની પૂર્ણાહુતિ સમયે જુનાગઢ ગુરુકુળના પૂ. પુરાણી સ્વામી જ્ઞાનસ્વરૂપ સ્વામીએ તોરી ગામે બનાવેલ આ મંદિરની માહિતી આપી હતી. પ. પૂ. શાસ્ત્રીજી મહારાજે જુના ભક્તજનોને યાદ કર્યા હતા. આ કથાને સફળ બનાવવા ગોબરભાઈ હીરપરા, અતુલભાઈ હીરપરા, ધીરુભાઈ, મનસુખભાઈ ખૂંટ, ગોગનભાઈ વેકરિયાએ જહેમત ઉઠાવી હતી.




**રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા ગુજરાતીઓ વિશે કરવામાં આવેલી ટિપ્પણીને પગલે**

# રાજુલા ભાજપ દ્વારા કાળી પટ્ટી બાંધી મૌન રેલી કાઢવામાં આવી

રાજુલા,તા.૦૭



તાજેતરમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા ગુજરાતીઓ વિશે કરવામાં આવેલી ટિપ્પણીને પગલે સમગ્ર સૌરાષ્ટ્રમાં ઉગ્ર પ્રતિક્રિયા જોવા મળી રહી છે. ગુજરાતીઓને 'અભણ' અને 'મૂર્ખ' ગણાવતા નિવેદન સામે ભારે અસંતોષ વ્યક્ત કરવા માટે રાજુલા શહેરમાં ભાજપ દ્વારા એક મૌન વિરોધ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.શહેર ભાજપ અને યુવા મોરચાના હોદ્દેદારો તેમજ કાર્યકરો મોટી સંખ્યામાં માર્કેટિંગ યાર્ડ ખાતે એકત્રિત થયા હતા. કાર્યકરોએ પોતાના હાથ પર કાળી પટ્ટી બાંધી, મૌન ધારણ કરી શહેરના મુખ્ય માર્ગો પર રેલી કાઢી હતી.

ભાજપ અગ્રણી રઘુભાઈ ખુમાણે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતુ કે, ગુજરાતની જનતા સંસ્કારી છે અને દેશના વિકાસમાં ગુજરાતીઓનું મોટું યોગદાન છે. વડાપ્રધાન પણ ગુજરાતી હોવાનું ગૌરવ છે, ત્યારે આવા અપમાનજનક શબ્દો સહન કરવામાં આવશે નહીં. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પૂર્વે આ આંદોલને રાજકીય વાતાવરણ ગરમાવ્યું છે અને ભાજપે માંગ કરી છે કે આ પ્રકારના નિવેદનો બદલ કોંગ્રેસ નેતૃત્વ જાહેરમાં માફી માંગે.

**CHANGE OF NAME**

I Undersign I TAUSIF ANVARBHAI CHAUHAN have changed my name from TAUSHIF ANVARBHAI CHAUHAN To TAUSIF ANVARBHAI CHAUHAN, Now i will be known as TAUSIF ANVARBHAI CHAUHAN.
Sign : TAUSIF ANVARBHAI CHAUHAN.
Address : GANDHI PA, KAPAD BAJAR, AT.AMRELI-365601

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.120/2026
જન્મ તારીખ : 01/01/1983

શ્રી રણસીભાઈ નથુભાઈ બાંભણીયા,
રહે.પીપળ શેરી, કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ
...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર,
નગરપાલીકા, કોડીનાર, તા. કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
જિલ્લો-ગીરસોમનાથ
........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી રણસીભાઈ નથુભાઈ બાંભણીયા, રહે.પીપળ, કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી રણસીભાઈ નથુભાઈ બાંભણીયા તથા જીવીબેન રણસીભાઈ બાંભણીયા ના પુત્ર દિનેશભાઈ રણશીભાઈ બાંભણીયાનો જન્મ તારીખ.01/01/1983ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૦/૦૩/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર


|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧ા || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

YJ
યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે, આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
શ્રી હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

# વડિયા નજીક અકસ્માત થતા રીક્ષામાંથી દેશી દારૂના પોટલા ઉડ્યા

**સામાન્ય જનતા સામે ડંડો ઉગામતી પોલીસ બુટલેગરો સામે લાજ કાઢતી હોવાની ચર્ચા**





વડીયા,તા.૦૭

વડિયાથી ખાખરીયા તરફના માર્ગ પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અમરેલી તરફથી વડિયા આવી રહેલી એક ઓટો રિક્ષા અને સામેથી આવતા મોટરસાયકલ વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં બાઈક ચાલકને ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચી હતી. સ્થાનિક લોકોની મદદથી ઈજાગ્રસ્તને તાત્કાલિક વડિયા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા પરંતુ તેમની હાલત વધુ નાજુક જણાતા પ્રાથમિક સારવાર બાદ અન્ય હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા. જાણવા મળતી વિગતો અનુસાર ઈજાગ્રસ્ત વ્યક્તિ ખાખરીયા ગામના વતની અને રેલવેના નિવૃત કર્મચારી છે જેઓ પોતાના કામ અર્થે જઈ રહ્યા હતા ત્યારે આ દુર્ઘટનાનો ભોગ બન્યા હતા.આ અકસ્માત માત્ર એક માર્ગ અકસ્માત ન રહેતા દારૂના કાળા કારોબારનો ખુલાસો કરનારી ઘટના સાબિત થઈ હતી. અકસ્માત બાદ ઓટો રિક્ષા રોડ પર પલટી મારી ગઈ હતી જેના કારણે રિક્ષામાં છુપાવેલો દેશી દારૂનો મોટો જથ્થો રસ્તા પર વેરવિખેર થઈ ગયો હતો. રસ્તા પર દારૂની પોટલીઓની રેલમછેલ જોઈને ઘટનાસ્થળે એકઠા થયેલા લોકો સ્તબ્ધ થઈ ગયા હતા. અમરેલી તરફથી રિક્ષામાં દેશી દારૂ ભરીને વડિયા તરફ લાવવામાં આવી રહ્યો હતો પરંતુ કુદરતી રીતે સર્જાયેલા અકસ્માતે આ સપ્લાય નેટવર્કનો ભાંડો ફોડી નાખ્યો હતો. ગાંધીના ગુજરાતમાં જ્યાં સત્તાવાર રીતે દારૂબંધી અમલમાં છે ત્યાં આ રીતે જાહેરમાં દારૂનો જથ્થો પકડાતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. ઘટનાની જાણ થતા જ વડિયા પોલીસ કાફલો તુરંત ઘટનાસ્થળે દોડી ગયો હતો અને રિક્ષા ચાલક સહિત દારૂનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જોકે આ ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં ભારે રોષ અને ચર્ચાઓ જોવા મળી રહી છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે આટલી મોટી માત્રામાં દારૂ વડિયા તરફ કઈ રીતે આવી રહ્યો હતો? શું વડિયા પોલીસ આ ગેરકાયદેસર પ્રવૃત્તિથી અજાણ હશે કે પછી પોલીસની રહેમનજર હેઠળ આ વ્યવસાય ફૂલ્યોફાલ્યો છે? પોલીસની નિષ્ક્રિયતા સામે આંગળી ચીંધતા લોકો પૂછી રહ્યા છે કે આ દારૂ ક્યાંથી આવતો હતો અને કોને સપ્લાય કરવાનો હતો? આ સમગ્ર મામલે તટસ્થ તપાસ થવી અનિવાર્ય છે જેથી પડદા પાછળના મુખ્ય સૂત્રધારો સુધી પહોંચી શકાય. હવે જોવાનું એ રહે છે કે વડિયા પોલીસ કુંભકર્ણ નિંદ્રામાંથી જાગીને ગુનેગારો સામે કેવા કડક પગલાં ભરે છે.

# લાઠીમાં ગાંજાનું વાવેતર ઝડપાયું, રૂ. ૬.૧૭ લાખના મુદ્દામાલ સાથે એક શખ્સની ધરપકડ


લાઠી,તા.૦૭

લાઠીથી ચાવંડ તરફ જવાના માર્ગ પર આવેલા એક ખેતરમાંથી ગેરકાયદેસર ગાંજાનું વાવેતર ઝડપી પાડ્યું હતું. પોલીસે લાખોની કિંમતના લીલા ગાંજાના છોડ સાથે ખેતર માલિકની અટકાયત કરી હતી. ચોક્કસ બાતમીના આધારે પોલીસે લાઠી-ચાવંડ રોડ પર આવેલા એચ.પી. પેટ્રોલ પંપની પાસે, ધીરૂભાઈ લાખાભાઈ કોટડીયાની વાડી/ખેતરમાં દરોડો પાડ્યો હતો. પોલીસને ખેતરમાંથી મૂળ અને માટી સાથેના ગાંજાના કુલ ૦૬ છોડ મળી આવ્યા હતા. આ છોડનું કુલ નેટ વજન ૧૨.૧૦૫ કિલોગ્રામ નોંધાયું છે. બજાર કિંમત મુજબ પ્રતિ કિલોના રૂ. ૫૦,૦૦૦ લેખે કુલ રૂ. ૬,૦૫,૨૫૦ નો ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો. આરોપીની અંગઝડતી લેતા તેની પાસેથી રૂ. ૧૨,૬૭૦ ની રોકડ રકમ પણ મળી આવી હતી. પોલીસે ગાંજો અને રોકડ મળીને કુલ રૂ. ૬,૧૭,૯૨૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે આ નશીલા પદાર્થનું વાવેતર ક્યારથી કરવામાં આવતું હતું અને તેનું વેચાણ ક્યાં થવાનું હતું તે દિશામાં તપાસ તેજ કરી છે. લાઠી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ એચ.જે. બરવાડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

**નશીલા પદાર્થનું વાવેતર ક્યારથી કરવામાં આવતું હતું અને તેનું વેચાણ ક્યાં થવાનું હતું તે દિશામાં તપાસ તેજ કરી**

# ઢૂંઢિયા પીપળીયામાં શ્વાન બાદ ગાયને હડકવા ઉપડતા ગ્રામજનો ભયભીત

વડિયા,તા.૦૭



અમરેલી જિલ્લાના વડિયા તાલુકાના ઢૂંઢિયા પીપળીયા ગામે એક ગાયમાં અચાનક હડકવા (રેબીસ) જેવા લક્ષણો દેખાતા સમગ્ર પંથકમાં ભારે અફરાતફરી મચી ગઈ છે. ઘટનાની ગંભીરતા સમજી સ્થાનિક આગેવાનો અને સરપંચે તાત્કાલિક કાર્યવાહી કરી ગાયને સુરક્ષિત રીતે વંડામાં બાંધી દીધી હતી, જેથી અન્ય પશુઓ કે માનવીઓને નુકસાન ન પહોંચે. ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલા જ આ ગામમાં એક હડકાયા શ્વાને ૧૪ જેટલા લોકોને બચકા ભર્યા હતા. આ ઘટનાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં ગાયમાં જોવા મળેલા હડકવાના લક્ષણોએ ગ્રામજનોની ચિંતામાં વધારો કર્યો છે.પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે સરપંચ દ્વારા ગ્રામજનોને પશુઓથી સુરક્ષિત અંતર જાળવવા અને કોઈ પણ શંકાસ્પદ લક્ષણો જણાય તો તુરંત જાણ કરવા અપીલ કરવામાં આવી છે. હાલમાં આરોગ્ય વિભાગ અને પશુપાલન વિભાગ દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

# જિલ્લામાં કમોસમી વરસાદની આગાહીને લઈ તકેદારી રાખવા ખેડૂતોને અનુરોધ

અમરેલી,તા.૦૭

હવામાન વિભાગની આગાહી અનુસાર આજે ૦૮ એપ્રિલ દરમિયાન જિલ્લામાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા હોવાથી ખેડૂતોને સતર્ક રહેવા જણાવાયું છે. આ સંજોગોમાં ખેતરમાં કાપણી કરેલ પાક અથવા ખુલ્લામાં રાખેલ ખેત ઉત્પાદનને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવા અથવા પ્લાસ્ટિકની તાડપત્રીથી વ્યવસ્થિત રીતે ઢાંકી દેવા અનુરોધ છે. વરસાદી પાણી પાકના ઢગલા નીચે ન જાય તે માટે આસપાસ માટીના પાળા બનાવવાની વ્યવસ્થા કરવી અત્યંત અનિવાર્ય છે. આ સમયગાળા દરમિયાન જંતુનાશક દવાઓ અને ખાતરનો છંટકાવ ટાળવો જોઈએ તથા બિયારણના જથ્થાને પલળતો અટકાવવા સુરક્ષિત સ્થળે સંગ્રહ કરવો જોઈએ. એ.પી.એમ.સી.માં પણ વેપારીઓ અને ખેડૂતોએ માલ શેડ નીચે રાખવો અને શક્ય હોય ત્યાં સુધી આ દિવસોમાં વેચાણ અર્થે જણસી લાવવાનું ટાળવું જોઈએ. વધુ વિગત કે સહાય માટે ખેડૂતોએ ગ્રામસેવક અથવા કિસાન કોલ સેન્ટરના ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૧૮૦ ૧૫૫૧ પર સંપર્ક કરવો તેમ જિલ્લા ખેતીવાડી અધિકારી, અમરેલી દ્વારા જણાવાયું છે.

**પૂર્વ તૈયારી અંતર્ગત મિટિંગ યોજાઈ, મોટી સંખ્યામાં આગેવાનોની હાજરી**

# બાબરામાં ડો. બાબાસાહેબની જન્મ જયંતિની ઉજવણીનું આયોજન

બાબરા,તા.૦૭



ભારતીય સંવિધાનના ઘડવૈયા અને દલિતોના ઉદ્ધારક ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મ જયંતિ નિમિત્તે બાબરામાં ઉત્સાહભર્યું વાતાવરણ જોવા મળી રહ્યું છે. આગામી ૧૪ એપ્રિલ ૨૦૨૬ ના રોજ યોજાનારા કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરવા બાબરા મુકામે એક વિશાળ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.મિટિંગમાં અમરેલીથી પધારેલા ડો. જીતેન્દ્ર પ્રિયદર્શીએ બાબાસાહેબના વિચારોના પ્રચાર-પ્રસાર પર ભાર મૂક્યો હતો. અગ્રણીઓએ સમાજને કુરિવાજો ત્યાગી શિક્ષણ પાછળ ખર્ચ કરવા અને એકતા જાળવવા આહવાન કર્યું હતું. ૧૪મી એપ્રિલે સવારે ૮:૩૦ કલાકે બાબરામાં ભવ્ય શોભાયાત્રા નીકળશે, જ્યારે બપોર બાદ ખંભાળા મુકામે તાલુકા કક્ષાની ઉજવણી અંતર્ગત બાબાસાહેબના સ્ટેચ્યુનું અનાવરણ અને રાત્રે ભીમ ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે જેનુ આમંત્રણ પણ પાઠવવામાં આવ્યું હતું.આ બેઠકમાં બાબરા તાલુકાના વિવિધ ગામોના આગેવાનો, સરકારી અધિકારીઓ અને સમતા સૈનિક દળના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવવા તન-મન-ધનથી સહકાર આપવા સંકલ્પ કર્યો હતો.

**ભગાભાઈ જેશાભાઈ બારૈયાની બોટને પકડી પાડી**

# જાફરાબાદમાં ટોકન લીધા વગર દરિયામાં માછીમારી કરવા ગયેલી બોટ ઝડપાઈ

**દરિયામાં માછીમારી કરવા બદલ બોટના ટંડેલ સામે કાર્યવાહી**

જાફરાબાદ, તા.૦૭

અમરેલી જિલ્લાના જાફરાબાદ બંદર પર દરિયાઈ સુરક્ષાના નિયમોના ભંગ બદલ એક બોટ અને તેના ટંડેલ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. સુરક્ષા એજન્સીઓએ જાફરાબાદ બંદરથી આશરે ૪ નોટિકલ માઈલ દૂર નર્મદા સિમેન્ટ જેટી સામેથી આ બોટને પકડી પાડી હતી. જાફરાબાદના લાલબત્તી વિસ્તારમાં રહેતા ભગાભાઈ જેશાભાઈ બારૈયા (ઉ.વ. ૪૬) પોતાની માલિકીની બોટ લઈને દરિયામાં માછીમારી કરવા ગયા હતા. નિયમ મુજબ માછીમારી માટે દરિયામાં જતા પહેલા સક્ષમ સત્તાધિકારી પાસેથી 'ટોકન' લેવું અનિવાર્ય હોય છે, પરંતુ આ બોટ ટોકન લીધા વગર જ રવાના થઈ હતી. જાફરાબાદ બંદરથી ૪ નોટિકલ માઈલ દૂર, નર્મદા સિમેન્ટ જેટી પાસે ઝડપાય હતા. સુરક્ષાના કારણોસર માછીમારી બોટ માટે ટોકન સિસ્ટમ અમલી છે, જેનો ભંગ કરી બોટ દરિયામાં પ્રવેશી હતી.નિયમોનું ઉલ્લંઘન કરી દરિયામાં માછીમારી કરવા બદલ બોટના ટંડેલ ભગાભાઈ બારૈયા સામે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી હતી. દરિયાઈ સીમાની સુરક્ષા અને માછીમારોની સલામતી માટે ટોકન પ્રથા અત્યંત મહત્વની છે, ત્યારે આ પ્રકારની બેદરકારી બદલ તંત્ર દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું હતું. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના એએસઆઈ આર.બી.ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલા ખાતે મહાપ્રભુજીનો પ્રાગટ્ય મહોત્સવ ઉજવાશે


અમરેલી,તા.૦૭

સાવરકુંડલામાં નદી કાંઠે બિરાજમાન શ્રી મહાપ્રભુજી બેઠકજી ટ્રસ્ટ દ્વારા જગદ્ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીના ૫૪૯મા પ્રાગટ્ય મહોત્સવની ભવ્ય ઉજવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવ્યું છે. વિક્રમ સંવત ૨૦૮૨ ના ચૈત્ર વદ ૧૧, સોમવાર તારીખ ૧૩ એપ્રિલ ૨૦૨૬ ના રોજ આ મંગલમય ઉત્સવ ઉજવાશે. આ દિવ્ય પ્રસંગે આચાર્ય પૂજ્ય પાદ ગોસ્વામી ૧૦૮ શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજ (પૂ. રાજુબાવા) ખાસ ઉપસ્થિત રહી ભક્તોને આશીર્વચન પાઠવશે. ઉત્સવના દિવસે સવારે ૧૦:૩૦ કલાકે પલના તથા નંદ મહોત્સવના મનોરમ દર્શન થશે, જે બાદ ૧૧:૩૦ કલાકે રાજભોગમાં તિલક આરતી કરવામાં આવશે. બપોરે ૧:૦૦ કલાકે સમસ્ત વૈષ્ણવ ભક્તો માટે મહાપ્રસાદનું સુંદર આયોજન રાખવામાં આવ્યું છે. અનેક ભાવિકો વિવિધ સેવાઓના મનોરથી બની આ અલૌકિક ઉત્સવમાં સહભાગી થયા છે. બેઠકજી ટ્રસ્ટ દ્વારા તમામ વૈષ્ણવ સૃષ્ટિને આ ભક્તિમય મહોત્સવનો લાભ લેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.










## એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી

અપીલ અરજી નં.૨૯/૨૦૨૬

અરજદાર:- શ્રી હંસાબેન જયંતિલાલ વરૂ,
રહે.રાજકોટ, કોઠારીયા મેઈન રોડ,
રણુજા મંદિર પાછળ, શીવધારા-૨, રાજકોટ.

-::વિરૂધ્ધ::-

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
- વ -
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ.અમરેલી તા/જી.-અમરેલી.

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં હંસાબેન જયંતિલાલ વરૂ તેમના પુત્રશ્રી અલ્કાબેન જયંતિલાલ વરૂની જન્મ (તા.૨૮/૧૨/૧૯૭૯)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફ અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૭/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા

કોર્ટનો સિક્કો

(કે.કે.દવે)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અમરેલી શહેર

**તંત્રી લેખ**

# રાષ્ટ્રના વિકાસનો આધાર સ્તંભ : વસ્તી ગણતરી

ભારતમાં રાષ્ટ્રના વિકાસના મીઠા ફળો ગરીબ અને મધ્યમ વર્ગ સુધી પહોંચ્યા છે કે નહીં, તેનો સચોટ અંદાજ મેળવવાનો સૌથી વિશ્વસનીય માર્ગ વસ્તી ગણતરી છે. વસ્તી ગણતરી માત્ર પ્રજાના માથા ગણવાની પ્રક્રિયા નથી, પરંતુ તે દરેક વ્યક્તિની સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સ્થિતિ અંગેની વિગતવાર માહિતી એકત્રિત કરે છે. આ રીતે, વસ્તી ગણતરી રાષ્ટ્રના સર્વાંગી વિકાસનું એક મહત્વપૂર્ણ માપદંડ બની જાય છે.ભારત માટે વસ્તી ગણતરી માત્ર આંકડાઓ એકત્ર કરવાની પ્રક્રિયા નથી, પરંતુ તે દેશની હાલત, વિકાસ અને અસમાનતાનો સ્પષ્ટ અરીસો છે. લગભગ દાયકાના વિલંબ બાદ થનારી આગામી વસ્તી ગણતરી માત્ર સંખ્યાઓ સુધી સીમિત નહીં રહે, પરંતુ તે દેશના સામાજિક અને આર્થિક પરિવર્તનોનો વ્યાપક અહેવાલ રજૂ કરશે.સ્વતંત્ર ભારતની પ્રથમ વસ્તી ગણતરી ૧૯૫૧માં યોજાઈ હતી. તે સમયે દેશે વસાહતી શાસનમાંથી મુક્તિ મેળવી પોતાની વાસ્તવિક સ્થિતિને સમજવાનો પ્રયત્ન કર્યો હતો. ત્યારે બહાર આવ્યું હતું કે દેશમાં અશિક્ષિત લોકોની સંખ્યા ખૂબ ઊંચી હતી. આજે, લગભગ સાત દાયકાઓ બાદ, ભારતે શિક્ષણ, આરોગ્ય, ઉદ્યોગ અને ટેક્નોલોજી સહિતના અનેક ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. છતાં પ્રશ્ન યથાવત છે કે શું આ વિકાસ સર્વસમાવેશી રહ્યો છે? આનો ચોક્કસ જવાબ વસ્તી ગણતરી દ્વારા જ મળશે.૨૦૧૧ પછી ભારતે ઝડપી પરિવર્તનોનો અનુભવ કર્યો છે. સ્માર્ટફોન અને ઈન્ટરનેટનો વ્યાપ વધ્યો છે,જેવી ડિજિટલ ચુકવણી પદ્ધતિ સામાન્ય બની ગઈ છે અને શહેરોમાં વસ્તીનો વધારો નોંધાયો છે. સાથે જ, સરકારી કલ્યાણકારી યોજનાઓ વધુ ડિજિટલ બની છે. આ પરિવર્તનો દેશને નવી દિશામાં લઈ ગયા છે, પરંતુ તેનો લાભ સમાજના દરેક વર્ગ સુધી પહોંચ્યો છે કે નહીં, તે જાણવા માટે તાજા અને વિશ્વસનીય આંકડાઓ જરૂરી છે.આગામી વસ્તી ગણતરી દેશના નીતિ-નિર્માણ માટે આધારસ્તંભ સાબિત થશે. સીમાંકન, કલ્યાણકારી યોજનાઓનું લક્ષ્યાંકન, શહેરી આયોજન અને નાણાકીય વહેંચણી જેવા મહત્વપૂર્ણ નિર્ણયો આ ડેટા પર આધારિત રહેશે. હાલમાં સરકાર અને સંશોધકો ૨૦૧૧ના જૂના આંકડાઓ પર આધાર રાખીને નિર્ણય લેતા હોવાથી, નવી ગણતરી દેશને નવી દ્રષ્ટિ અને દિશા આપશે.આ વસ્તી ગણતરીમાં એક મહત્વપૂર્ણ પાસો એ છે કે તેમાં વ્યાપક જાતિ ગણતરીનો સમાવેશ કરવામાં આવશે. અત્યાર સુધી માત્ર અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અંગે જ માહિતી એકત્રિત થતી હતી, પરંતુ હવે અન્ય જાતિઓ અંગે પણ સ્પષ્ટ માહિતી મળશે. આ માહિતી સામાજિક ન્યાય અને કલ્યાણકારી યોજનાઓને વધુ અસરકારક બનાવવામાં મદદરૂપ થશે, જોકે તે સાથે રાજકીય ચર્ચાઓ અને વિવાદો ઊભા થવાની શક્યતા પણ છે.આ વિશાળ અભિયાન માટે લાખો અધિકારીઓને જોડવામાં આવશે અને હજારો કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો છે. ઘર-યાદી અને ગૃહ ગણતરી ૨૦૨૬માં શરૂ થશે, જ્યારે મુખ્ય વસ્તી ગણતરી ૨૦૨૭માં પૂર્ણ થવાની સંભાવના છે. ડેટાની સુરક્ષા માટે આધુનિક ડિજિટલ પ્રણાલીઓ અપનાવવામાં આવશે, જેથી લોકોની વ્યક્તિગત માહિતી સુરક્ષિત રહે.અંતમાં, વસ્તી ગણતરીને માત્ર સરકારી પ્રક્રિયા તરીકે જોવી યોગ્ય નથી. તે દેશ માટે એક મહત્વપૂર્ણ ક્ષણ છે, જેમાં રાષ્ટ્ર પોતાનું વાસ્તવિક ચિત્ર જાણવાનો પ્રયત્ન કરે છે. આ એક પ્રકારનો ''રાષ્ટ્રીય એક્સ-રે'' છે, જે દર્શાવે છે કે દેશ ક્યાં ઉભો છે અને કઈ દિશામાં આગળ વધવું જોઈએ. જો આ આંકડાઓનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે, તો તે ભારતને વધુ સમાન, સમૃદ્ધ અને સશક્ત દેશ બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

# સાવરકુંડલાના મોટા ઝીંઝુડા ગામે પતિએ પત્ની પર શંકા-કુશંકા કરી ત્રાસ ગુજાર્યો

સાવરકુંડલા, તા.૭

સાવરકુંડલા તાલુકાના મોટા ઝીંઝુડા ગામેથી ઘરેલું હિંસા અને માનસિક ત્રાસનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

છેલ્લા નવ વર્ષથી પત્નીને શારીરિક-માનસિક ત્રાસ આપી, પત્નીની જ સગી બહેન સાથે રહેવા ગયેલા શખ્સ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. સાવરકુંડલામાં રહેતા મનિષાબેન દેવચંદભાઈ વાડદોરીયા (ઉ.વ.૪૧) એ મોટા ઝીંઝુડા ગામે રહેતા પતિ પરશોતમભાઈ રામભાઈ રાદડીયા સામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, પતિ છેલ્લા નવ વર્ષથી તેના પર ખોટી શંકા-કુશંકા રાખી શારીરિક અને માનસિક ત્રાસ ગુજારતો હતો. આરોપી પતિ દ્વારા પત્નીને અવારનવાર બિભત્સ ગાળો આપી માર મારવામાં આવતો હતો. પતિ દ્વારા પત્ની કે બાળકોને ઘર ચલાવવા માટે કોઈ પણ પ્રકારનો આર્થિક સહયોગ આપવામાં આવતો નહોતો. જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ પૂરી પાડવામાં પણ પતિ નિષ્ફળ રહ્યો હતો. ફરિયાદમાં જણાવ્યા મુજબ, આરોપી પતિ છેલ્લા આઠ મહિનાથી તેની જ સગી સાળી સાથે તેમની મરજીથી અલગ રહેવા લાગ્યો છે. સાળી સાથે અલગ રહેવા ગયા હોવા છતાં, આરોપી અવારનવાર પત્નીના ઘરે આવી તેને માનસિક રીતે હેરાન પરેશાન કરી દુઃખ-ત્રાસ આપતો હતો.

# બગસરામાં ટેકાના ભાવે ચણાની ખરીદીનો પ્રારંભ



અમરેલી,તા.૦૭

બગસરાના ધારી રોડ પર આવેલી સ્વસ્તિક સ્કૂલ ખાતે શ્રી ખેડૂત કાર્યકારી સેવા સહકારી મંડળી દ્વારા ટેકાના ભાવે ચણાની ખરીદી પ્રક્રિયા વેગવંતી બની છે. મંડળીના ચેરમેન ભાવનાબેનના જણાવ્યા અનુસાર અત્યાર સુધી કુલ ૨૮૦ ખેડૂતોને સંદેશા મોકલાયા હતા, જેમાંથી ૨૦૦ ખેડૂતોએ કેન્દ્ર પર આવી વેચાણ કર્યુ છે. અત્યાર સુધીમાં કુલ ૬૫,૦૦૦ બોરી ચણાની આવક સાથે ખરીદી પ્રક્રિયા સુચારૂ રીતે ચાલી રહી છે.

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં અમરેલી જિલ્લામાં ફોર્મ ભરવાનો બીજો દિવસ નિરસ

**અત્યાર સુધીમાં છ નગરપાલિકામાં એક પણ ઉમેદવારે ઉમેદવારી નોંધાવી નથી**

અમરેલી,તા.૦૭

અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ફોર્મ ભરવાની શરૂઆત થઈ ચૂકી છે ત્યારે બીજા દિવસે ફોર્મ ભરવામાં ચુસ્તી જોવા મળી છે. ફક્ત જાફરાબાદ તાલુકામાં કોંગ્રેસના છ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે, એ સિવાય નગરપાલિકા કે જિલ્લા પંચાયતમાં એક પણ ઉમેદવારી આજના દિવસે નોંધાઈ ન હતી. અત્યાર સુધીમાં છ નગરપાલિકામાં એક પણ ઉમેદવારે ઉમેદવારી નોંધાવી નથી. જ્યારે જિલ્લા પંચાયતમાં ગઈકાલે ત્રણ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા.

# અમરેલીમાં ''તારો દીકરો મને સાચવતો નથી, છૂટાછેડા કરાવી દે'' કહી સાસુ પર પુત્રવધૂ સહિત ત્રણનો હુમલો

અમરેલી, તા.૦૭

અમરેલીમાં કૌટુંબિક ઝઘડાએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હોવાની ઘટના સામે આવી છે. દીકરો સરખી રીતે સાચવતો ન હોવાના મનદુઃખમાં પુત્રવધૂ અને અન્ય બે શખ્સોએ સાસુ સાથે બોલાચાલી કરી ગાળો ભાંડી, ઢીકાપાટુનો માર માર્યો હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ હતી. આ અંગે રૂપાબેન મુળજીભાઈ દેકાવાડીયા (ઉ.વ.૬૫) એ પુત્રવધૂ શીતલબેન પ્રફુલભાઈ દેકાવાડીયા, શીતલબેનના ભાભી તથા લીલાબેન સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, પુત્રવધૂ શીતલબેને તેમની પાસે જઈને કહ્યું હતું કે, ''તારો દીકરો મને સરખો સાચવતો નથી, જેથી તારા દીકરા સાથે મારા છૂટાછેડા કરાવી દે અથવા મને પૈસા આપી દે.'' આ બાબતે બોલાચાલી થયા બાદ મામલો બિચક્યો હતો. પુત્રવધુએ સાસુ સાથે ઝઘડો કરી બિભત્સ ગાળો આપી હતી. પુત્રવધૂના ભાભીએ તેમને ગાલના ભાગે જોરદાર ઝાપટ મારી દીધી હતી. જ્યારે લીલાબેને પાટું મારી ગંભીર ઈજા પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. આ ત્રણેય આરોપીઓએ એકસંપ થઈને તેને ઢીકાપાટુનો ઢોર માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# સા.કુંડલામાં ગૌસેવા અને AI ટેક્નોલોજીથી વાર્ષિક મહોત્સવ ઉજવણી

સાવરકુંડલા,તા.૦૭

સાવરકુંડલાની આઝાદી પૂર્વેની ઐતિહાસિક સંસ્થા 'કપોળ કન્યા છાત્રાલય' ખાતે તાજેતરમાં વાર્ષિક મહોત્સવની અદભુત ઉજવણી કરવામાં આવી હતી. આ મહોત્સવ નારી શક્તિ, આધુનિક ટેકનોલોજી અને આત્મનિર્ભરતાનો ત્રિવેણી સંગમ સાબિત થયો હતો.ઈવેન્ટ મેનેજમેન્ટ માટે બહારના વ્યાવસાયિકો પર નિર્ભર રહેવાને બદલે છાત્રાલયની



તસવીર : સૌરભ દોશી

૧૨૦ દીકરીઓએ મંડપ સેટઅપ, સાઉન્ડ સિસ્ટમ, પ્રોફેશનલ કેમેરા ઓપરેશન અને બેનર્સ તૈયાર કરવા જેવા તમામ કામો જાતે સંભાળી આત્મનિર્ભરતાની અનોખી મિસાલ પૂરી પાડી હતી. અહીં દીકરીઓ સવારે ગૌસેવાથી દિવસની શરૂઆત કરે છે અને દિવસ દરમિયાન આધુનિક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) તથા કોમ્પ્યુટરના ક્લાસ ભરે છે. ઉપરાંત, સીવણ અને સંગીતની વ્યાવસાયિક તાલીમ તેમજ ખજૂર-દૂધ જેવી પ્રોડક્ટ્સના વેચાણ થકી તેઓ ગ્રાહકલક્ષી વ્યવહારુ વેપારના પાઠ શીખી સફળ ઉદ્યોગસાહસિક બનવા તરફ ડગ માંડી રહી છે. આધુનિકતા સાથે કદમ મિલાવી રહેલી આ 'ટેક્નો-સેવી' દીકરીઓની બહુમુખી પ્રતિભા જોઈ વાલીઓ અને નગરજનોમાં હર્ષની લાગણી ફેલાઈ હતી.

# રાજુલાના મોરંગી ગામે મહિલાએ બીમારીથી કંટાળી એસિડ પીધું

**સારવાર દરમિયાન મરણ પામ્યા**

રાજુલા, તા.૭

રાજુલાના મોરંગી ગામે એક મહિલાએ બીમારીથી કંટાળી એસિડ પીધું હતું. રાકેશભાઈ ભવાનભાઈ ભીલ (ઉ.વ.૨૭) એ જાહેર કર્યા મુજબ, અંબાબેન ભવાનભાઈ ભીલ (ઉ.વ.૫૧)ને વર્ષોથી થાઈરોડ તથા માનસીક બીમારીની દવા ચાલુ હતી. જેનાથી કંટાળી જઈને ઘરે એસીડ પી જતા દવાખાને લઈ જવાયા હતા જયા સારવાર દરમિયાન મરણ પામ્યા હતા. ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ એલ. ભેરડા વધુ તપાસ કરી રહ્યા છે.મહિલાના મોતથી પરિવારમાં માતમનો માહોલ છવાઈ ગયો હતો .

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૫૫૦ | ૧૭૯૦ |
| ઘઉં લોકવન | ૪૩૫ | ૪૮૫ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૯૦ |
| જુવાર સફેદ | ૮૩૬ | ૯૫૦ |
| બાજરી | ૩૭૧ | ૪૩૦ |
| તુવેર | ૧૨૫૦ | ૧૫૮૦ |
| ચણા પીળા | ૯૩૧ | ૧૦૭૨ |
| ચણા સફેદ | ૧૧૫૧ | ૧૮૦૦ |
| અડદ | ૧૪૧૦ | ૧૭૭૫ |
| મગ | ૯૭૦ | ૧૯૨૫ |
| વાલ દેશી | ૮૭૦ | ૧૩૬૦ |
| ચોળી | ૫૫૫ | ૧૦૨૫ |
| વટાણા | ૬૫૦ | ૧૨૨૨ |
| કળથી | ૩૦૬ | ૭૦૨ |
| રાજમા | ૯૦૦ | ૧૯૭૦ |
| સીંગદાણા | ૧૯૩૪ | ૧૯૯૫ |
| મગફળી જાડી | ૧૩૮૦ | ૧૫૮૦ |
| મગફળી જીણી | ૧૪૦૦ | ૧૬૮૦ |
| તલી | ૧૮૦૦ | ૨૩૬૦ |
| સુરજમુખી | ૧૪૮૦ | ૧૪૮૦ |
| એરંડા | ૧૧૮૫ | ૧૨૫૬ |
| અજમો | ૧૦૦૦ | ૨૪૦૦ |
| સુવા | ૧૩૬૦ | ૧૬૦૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૫૪ |
| સીંગફાડા | ૧૩૦૦ | ૧૮૫૦ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૮૯૯ |
| લસણ | ૭૪૦ | ૧૭૪૦ |
| ધાણા | ૨૩૦૦ | ૨૭૧૧ |
| મરચા સુકા | ૨૦૦૦ | ૭૫૦૦ |
| ધાણી | ૨૪૨૫ | ૩૦૦૦ |
| વરીયાળી | ૧૭૫૪ | ૨૫૫૨ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૨૩૦ |
| રાય | ૧૩૫૦ | ૧૪૫૦ |
| મેથી | ૧૨૦૦ | ૧૭૦૭ |
| ઇસબગુલ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| અશેરીયો | ૮૫૧ | ૧૧૩૫ |
| કલોંજી | ૨૨૦૦ | ૩૧૦૬ |
| રાયડો | ૧૦૫૦ | ૧૨૦૦ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૫૧૯ | ૮૧૬ |
| લીંબુ | ૧૬૧૮ | ૩૨૨૧ |
| સાકરટેટી | ૧૫૩ | ૩૪૮ |
| તરબુચ | ૧૫૧ | ૩૦૨ |
| પપૈયા | ૫૨ | ૧૦૬ |
| બટેટા | ૯૪ | ૨૫૧ |
| ડુંગળી સુકી | ૪૧ | ૨૬૦ |
| ટમેટા | ૧૧૪ | ૩૦૮ |
| સુરણ | ૮૧૨ | ૧૦૨૨ |
| કોથમરી | ૧૪૮ | ૨૪૪ |
| મુળા | ૪૦૮ | ૬૧૫ |
| રીંગણા | ૧૬૪ | ૩૫૩ |
| કોબીજ | ૬૧ | ૧૦૪ |
| ફ્લાવર | ૨૬૭ | ૪૧૨ |
| ભીંડો | ૬૦૨ | ૮૧૧ |
| ગુવાર | ૬૪૩ | ૧૦૧૪ |
| ચોળાસીંગ | ૬૪૮ | ૧૦૪૨ |
| વાલોળ | ૬૬૬ | ૮૮૩ |
| ટીંડોળા | ૩૨૮ | ૮૦૭ |
| દુધી | ૧૭૩ | ૩૦૪ |
| કારેલા | ૨૭૧ | ૩૯૨ |
| સરગવો | ૨૦૮ | ૪૧૩ |
| તુરીયા | ૨૬૮ | ૫૮૬ |
| પરવર | ૬૧૯ | ૮૨૩ |
| કાકડી | ૨૩૨ | ૪૧૯ |
| ગાજર | ૧૮૯ | ૨૯૬ |
| વટાણા | ૧૨૧૬ | ૧૬૨૨ |
| ગલકા | ૩૬૧ | ૫૭૯ |
| બીટ | ૬૪ | ૧૧૮ |
| મેથી | ૧૮૬ | ૩૧૬ |
| વાલ | ૮૮૧ | ૧૦૨૧ |
| ડુંગળી લીલી | ૧૫૮ | ૨૫૪ |
| આદુ | ૯૨૭ | ૧૧૨૩ |
| મરચા લીલા | ૪૩૧ | ૬૩૮ |
| લસણ લીલું | ૫૨૨ | ૧૦૩૨ |
| મકાઇ લીલી | ૧૦૬ | ૨૦૧ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૮૦૬ |
| ઘઉં લોકવન | ૪૪૧ | ૬૦૬ |
| ઘઉં ટુકડા | ૪૩૧ | ૮૦૧ |
| મગફળી જીણી | ૧૧૫૬ | ૧૬૨૧ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૨૦૪૧ |
| સિંગ ફાડીયા | ૧૦૫૧ | ૧૮૬૧ |
| એરંડા / એરંડી | ૧૧૦૧ | ૧૨૬૬ |
| વરીયાળી | ૧૩૦૧ | ૧૩૦૧ |
| ધાણા | ૧૮૫૧ | ૨૭૧૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૫૦૧ | ૮૬૦૧ |
| ડુંગળી લાલ | ૩૬ | ૨૫૧ |
| અડદ | ૯૯૧ | ૧૭૩૧ |
| મઠ | ૫૨૬ | ૫૨૬ |
| તુવેર | ૮૦૦ | ૧૫૯૧ |
| રાયડો | ૯૦૦ | ૧૨૩૧ |
| રાય | ૧૦૫૧ | ૧૪૧૧ |
| મેથી | ૯૫૧ | ૧૫૬૧ |
| સુવાદાણા | ૧૭૦૧ | ૧૭૦૧ |
| કાંગ | ૪૦૧ | ૫૧૧ |
| સુરજમુખી | ૩૨૬ | ૧૩૨૬ |
| મરચા | ૧૬૦૧ | ૭૦૦૧ |
| મગફળી જાડી | ૧૨૦૦ | ૧૬૮૧ |
| મગફળી ૬૬ | ૧૨૦૦ | ૧૫૩૬ |
| તલ - તલી | ૧૪૭૬ | ૨૨૮૧ |
| ધાણી | ૨૦૦૧ | ૨૯૭૬ |
| મરચા સૂકા ઘોલર | ૩૯૦૧ | ૮૮૦૧ |
| ડુંગળી સફેદ | ૧૮૦ | ૨૨૮ |
| બાજરો | ૩૦૧ | ૩૦૧ |
| જુવાર | ૭૧૧ | ૯૫૧ |
| મકાઇ | ૩૫૧ | ૪૪૧ |
| મગ | ૯૦૧ | ૧૮૯૧ |
| વાલ | ૮૦૧ | ૧૧૧૧ |
| વાલ પાપડી | ૧૫૩૧ | ૧૫૩૧ |
| ચોળા / ચોળી | ૩૫૧ | ૧૦૪૧ |
| સોયાબીન | ૮૫૧ | ૧૦૭૬ |
| કળથી | ૧૫૧ | ૧૫૧ |
| ગોગળી | ૮૦૧ | ૧૩૯૧ |
| વટાણા | ૭૫૧ | ૧૦૧૧ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૪૦ | ૨૮૦ |
| મરચા | ૨૦૦ | ૧૧૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૪૦ | ૨૦૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૫૦ | ૪૦૦ |
| કાકડી | ૧૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૧૮૦ | ૯૦૦ |
| ગલકા | ૧૬૦ | ૬૦૦ |
| ગાજર | ૧૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૨૦૦ | ૧૭૦૦ |
| વટાણા | ૨૦૦ | ૧૮૦૦ |
| કેરી કાચી | ૬૦૦ | ૧૨૦૦ |
| બટેટા | ૧૭૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૫ | ૬ |
| તાંજરીયા પુરા | ૧ | ૪ |
| કોથમીર પુરા | ૧ | ૪ |
| મૂળા પુરા | ૪ | ૮ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| પચકારુ | ૧૦૦ | ૨૦૦ |
| ચ્રૂણ | ૬૦૦ | ૧૦૦૦ |
| ક્રુદ્દિક્રિ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ગુંદા | ૮૦૦ | ૧૪૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૩૬૦૦ |
| મેથી પુરા | ૧ | ૮ |
| બીટ પુરા | ૮ | ૧૦ |
| સરગવો પુરા | ૧૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૯૦૦ |
| કારેલા | ૧૦૦ | ૭૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૧૬૦ |
| આદુ | ૨૦૦ | ૧૧૪૦ |
| ફણશી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૩ | ૪ |
| પાલક પુરા | ૧ | ૫ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૩૩૦ | ૧૪૬૦ |
| ગીરનાર શિંગ | ૧૪૧૦ | ૧૪૧૦ |
| શિંગ મોટી | ૧૨૮૦ | ૧૬૦૦ |
| શિંગ દાણા ફાડા | ૧૬૫૫ | ૧૯૩૦ |
| તલ સફેદ | ૧૩૮૦ | ૨૨૧૦ |
| કાળા તલ | ૨૧૦૦ | ૩૨૪૦ |
| તલ કાશમીરી | ૧૩૪૦ | ૧૮૬૫ |
| ઘઉં ટુકડા | ૩૬૫ | ૬૪૦ |
| ઘઉં લોકવન | ૩૬૦ | ૫૪૦ |
| ચણા | ૭૦૦ | ૧૦૬૦ |
| સફેદ ચણા | ૯૦૦ | ૧૨૨૦ |
| છોલે ચણા | ૧૩૧૦ | ૧૬૫૦ |
| તુવેર | ૭૦૦ | ૧૫૧૦ |
| વાલ | ૮૦૦ | ૧૭૧૫ |
| કપાસ | ૯૩૦ | ૧૮૦૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૨૦ |
| જીરુ | ૨૫૦૦ | ૪૧૫૦ |
| રાય | ૧૩૩૦ | ૧૩૫૦ |
| ધાણા | ૨૩૦૦ | ૨૮૭૦ |
| ધાણી | ૧૭૫૦ | ૩૨૫૦ |
| સોયાબીન | ૭૫૫ | ૧૦૪૫ |
| મરચાં લાંબા | ૧૫૩૦ | ૭૩૫૦ |
| કલોજી | ૫૨૫ | ૫૨૫ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૨૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૨૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૫૦ |
| મરચા ઘોલર | ૪૦૦૦ | ૧૨૬૫૦ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૧૭૦ | ૨૨૦ |
| રીંગણા | ૩૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૪૫૦ |
| કોબીજ | ૧૦૦ | ૧૨૦ |
| શકકરીયા | ૩૦૦ | ૪૦૦ |
| ટમેટાં | ૧૫૦ | ૨૨૦ |
| સુરણ | ૮૦૦ | ૯૦૦ |
| ગાજર | ૨૧૦ | ૩૮૦ |
| દુધી | ૨૦૦ | ૨૫૦ |
| કારેલા | ૪૫૦ | ૫૫૦ |
| ગલકા | ૩૨૦ | ૪૩૦ |
| કાકડી | ૨૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૯૦૦ |
| વટાણા | ૧૫૦૦ | ૧૬૪૦ |
| ચોળા લીલા | ૬૫૦ | ૭૫૦ |
| તુરીયા | ૪૦૦ | ૪૭૦ |
| વાલ | ૭૩૦ | ૮૫૦ |
| ભીંડો | ૬૩૦ | ૭૨૦ |
| આદુ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૪૦૦ | ૫૦૦ |
| ફોદીનો | ૩૫૦ | ૪૫૦ |
| ટીંડોરા | ૬૫૦ | ૭૩૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| સરગવો | ૨૧૦ | ૨૫૦ |
| લીમડો મીઠો | ૧૬૦ | ૨૧૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૧૬૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૨૨૦ |
| લસણ લીલું | ૧૨૦૦ | ૧૪૦૦ |
| લસણ સુકું | ૧૦૫૦ | ૧૭૦૦ |
| પાલક | ૪૨૦ | ૫૩૦ |
| લીબુ | ૨૦૪૦ | ૨૪૦૦ |
| મકાઈ | ૨૨૦ | ૩૦૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૩૫૦ | ૧૪૯૦ |
| શીંગ મોટી | ૧૪૦૦ | ૧૫૩૧ |
| જીરૂ | ૩૮૫૦ | ૪૨૭૦ |
| કપાસ | ૧૪૭૦ | ૧૮૨૭ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૬૬૦ |
| બાજરો | ૪૫૪૦ | ૫૪૦ |
| ચણા | ૧૦૧૧ | ૧૦૮૧ |
| દેશી ચણા | ૧૦૩૦ | ૧૧૩૧ |
| તુવેર | ૧૩૫૦ | ૧૫૨૧ |
| એરંડી | ૧૧૫૦ | ૧૨૨૦ |
| ધાણા | ૨૧૫૦ | ૨૯૫૧ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૬૧૦ | ૧૮૩૫ |
| કપાસ મીડી. | ૧૪૮૦ | ૧૬૦૦ |
| મગફળી | ૧૨૧૦ | ૧૪૮૦ |
| જીરૂ | ૩૨૮૦ | ૪૨૬૦ |
| ચણા | ૧૦૨૨ | ૧૦૪૮ |
| ઘઉં | ૪૬૫ | ૫૦૫ |
| ધાણા | ૧૪૨૫ | ૨૫૧૫ |
| તુવેર | ૧૧૯૦ | ૧૪૬૦ |

### બગસરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૭૨૫ |
| ઘઉં લોકવન | ૩૫૦ | ૪૪૨ |
| ચણા | ૭૦૦ | ૧૦૩૫ |
| ધાણા | ૧૯૧૦ | ૨૩૯૦ |
| જુવાર | ૩૦૦ | ૩૦૦ |
| સોયાબીન | ૬૩૫ | ૧૦૩૨ |
| શીંગ દાણા | ૧૬૪૦ | ૧૬૪૦ |
| તુવેર | ૭૫૦ | ૧૪૫૦ |
| મગફળી | ૧૦૦૦ | ૧૫૦૦ |
| મેથી | ૮૯૦ | ૧૦૮૦ |
| લશણ | ૨૪૦ | ૮૩૫ |
| રાય | ૧૨૦૦ | ૧૨૦૦ |
| જુવાર | ૧૬૪૦ | ૧૬૪૦ |
| શીંગદાણા | ૧૬૪૦ | ૧૬૪૦ |
| શીંગફાડા | ૧૪૦૦ | ૧૬૬૫ |
| તલ સફેદ | ૧૬૨૫ | ૨૧૦૦ |

### ધારી

| | | |
|---|---|---|
| મગફળી | ૧૩૭૦ | ૧૫૧૧ |
| ચણા | ૧૦૧૬ | ૧૦૧૪ |
| તુવેર | ૧૦૨૦ | ૧૫૫૦ |
| ધાણા | ૧૫૧૦ | ૨૩૧૦ |
| એરંડા | ૯૧૦ | ૧૨૨૦ |
| સોયાબીન | ૯૨૦ | ૧૦૦૦ |
| મેથી | ૭૦૦ | ૧૨૦૦ |
| શીંગદાણા | ૨૦૦૦ | ૨૦૦૦ |
| સફેદ ચણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ઘઉં | ૩૬૩ | ૪૩૦ |

### મહુવા

| | | |
|---|---|---|
| જુવાર | ૩૮૧ | ૯૦૦ |
| બાજરી | ૩૩૧ | ૫૩૮ |
| ઘઉં ટુકડા | ૪૩૧ | ૬૫૦ |
| મેથી | ૮૩૦ | ૧૧૫૦ |
| ધાણા | ૨૧૫૦ | ૨૭૫૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૪૬ |
| તુવેર | ૫૫૦ | ૧૫૦૦ |
| ડુંગળી લાલ | ૬૦ | ૨૩૮ |
| ડુંગળી સફેદ | ૧૯૦ | ૨૬૪ |
| નાળીયેર | ૫૫૦ | ૧૯૦૦ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૧૭૦ |
| તલ કાળા | ૧૧૫૦ | ૩૧૬૦ |
| મગ | ૫૦૦ | ૯૯૨ |

### ખાંભા


| | | |
|---|---|---|
| કપાસ | ૧૫૦૧ | ૧૭૮૦ |
| મગફળી | ૧૪૩૬ | ૧૪૩૬ |
| જીરૂ | ૩૩૧૦ | ૩૩૧૧ |
| વાલ | ૬૦૧ | ૬૦૧ |
| ચણા | ૧૦૧૫ | ૧૦૪૫ |
| ધાણા | ૨૧૦૦ | ૨૧૦૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૦૨૦ |
| તુવેર | ૧૫૦૦ | ૧૫૧૦ |
| તલ સફેદ | ૧૭૧૫ | ૧૭૧૫ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૧૦૦૦ | ૧૪૪૦ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૧૯૧૯ |
| તલ કાળા | ૩૩૫૦ | ૩૩૫૦ |
| કપાસ | ૧૦૭૧ | ૧૭૧૬ |
| બાજરો | ૨૫૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૩૯૧ | ૫૩૦ |
| જુવાર | ૩૦૦ | ૯૬૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૬૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૭૦ |
| ધાણા | ૧૨૦૦ | ૨૩૫૦ |
| મેથી | ૯૦૧ | ૧૨૦૦ |
| સોયાબીન | ૮૨૫ | ૮૨૫ |
| રાય | ૧૦૦૦ | ૧૧૭૫ |
| મગફળી જી-૨૦ | ૧૧૦૦ | ૧૫૫૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૦૦ | ૫૩૮ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૯૧ |
| ઘઉં લોકવન | ૪૦૫ | ૪૯૭ |
| રાઈ | ૧૨૦૦ | ૧૪૧૨ |
| રાયડો | ૧૧૦૦ | ૧૨૩૫ |
| મેથી | ૧૦૨૦ | ૧૩૦૦ |
| તુવેર | ૮૫૦ | ૧૫૨૮ |
| જુવાર | ૭૫૦ | ૯૮૦ |
| અડદ | ૯૦૦ | ૧૬૨૬ |
| એરંડી | ૧૧૦૦ | ૧૨૨૫ |
| ચણા | ૯૫૦ | ૧૦૫૮ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૦૭૨ |
| ધાણા | ૧૮૫૦ | ૨૪૩૨ |
| કાંગ | ૪૦૦ | ૫૩૮ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૧ | ૧૭૯૬ |
| ઘઉં | ૪૦૧ | ૫૫૬ |
| ચણા | ૮૫૧ | ૧૦૫૧ |
| તુવેર | ૯૦૧ | ૧૫૦૧ |
| મગફળી | ૮૦૧ | ૧૪૦૧ |
| શિંગફાડા | ૧૩૫૧ | ૧૬૪૧ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૦૫૧ |
| મેથી | ૮૦૧ | ૧૨૦૧ |
| જીરૂ | ૨૦૦૧ | ૪૦૮૧ |
| ધાણા | ૧૨૦૧ | ૨૫૫૧ |
| લસણ | ૨૦૧ | ૪૮૧ |
| સોયાબીન | ૭૦૧ | ૧૦૫૧ |



લાગે તો તીર :- ભાઈ ! થાતો ભુવો વધારે ધુણે આ હકીકત છે

06

# સ્થાનિક ચૂંટણીએ બે પટેલ CMનો ભોગ લીધો છે

બ્રેકિંગ પોઈન્ટ



નેહા શર્મા



ગુજરાતમાં કોણ જીતશે ?

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓની જાહેરાત થઈ ત્યારથી આ સવાલ થવા માંડ્યો છે. ગુજરાતમાં માહોલ એકંદરે ભાજપ તરફી છે અને શહેરી વિસ્તારોમાં ભાજપની જીત વિશે કોઈને શંકા નથી પણ સૌરાષ્ટ્રમાં આમ આદમી પાર્ટીની અતિ સક્રિયતા અને આદિવાસી વિસ્તારોમાં ભાજપ સામે અસંતોષના કારણે ભાજપ ક્લીન સ્વિપ નહીં કરી શકે એવી ગણતરીઓ મૂકાઈ રહી છે. આ ગણતરીઓ સાચી પડે છે કે નહીં તેની ખબર પરિણામો આવશે ત્યારે પડશે પણ અત્યારે તો ભરેલું નાળિયેર જ છે.

ગુજરાતના રાજકારણ માટે આ ચૂંટણીઓ મહત્વની છે કેમ કે ૨૦૨૭ના નવેમ્બરમાં યોજાનારી ચૂંટણી પહેલાં આ સૌથી મોટો જનાદેશ છે. રાજ્યની ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગર પાલિકા, ૩૪ જિલ્લા પંચાયત તથા ૨૬૦ તાલુકા પંચાયત માટે યોજાનારી સામાન્ય ચૂંટણીમાં ગુજરાતના તમામ મતદારો ભાગ લેશે. આ ચૂંટણી એ રીતે પણ મહત્વની છે કે, ગુજરાતમાં પહેલી વાર ૧૫ મહાનગરપાલિકા માટે મતદાન થઈ રહ્યું છે.

ગુજરાતમાં કુલ ૧૭ મહાનગરપાલિકા છે પણ ગાંધીનગર તથા જૂનાગઢમાં મહાનગરપાલિકાની ટર્મ ચાલી રહી હોવાથી ત્યાં ચૂંટણી નહીં યોજાય. ગુજરાતમાં વરસો સુધી અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર એ છ મહાનગરપાલિકા હતી. તેમાં જૂનાગઢ અને ગાંધીનગરનો સમાવેશ થતાં રાજ્યની ૮ મહાનગરપાલિકા થઈ. ભૂપેન્દ્ર પટેલની સરકારે  નવસારી, વાપી, કરમસદ-આણંદ, નડિયાદ, મહેસાણા, સુરેન્દ્રનગર, મોરબી, પોરબંદર અને ગાંધીધામ એમ ૯ નગરપાલિકાને મહાનગરપાલિકાનો દરજ્જો આપતાં જૂની ૬ અને નવી ૯ મળીને ૧૫ મહાનગરપાલિકા માટે પહેલી વાર ચૂંટણી થશે. શહેરી વિસ્તારો પરંપરાગત રીતે ભાજપના ગઢ મનાય છે તેથી આ મહાનગરપાલિકાઓ પર ભાજપનો કબજો થશે એવી પ્રબળ શક્યતા છે પણ ગ્રામીણ વિસ્તારોમાં જંગ જામે છે કે નહીં એ જોવાનું છે.

આ ચૂંટણીઓ ભાજપ માટે તો મહત્વની છે જ પણ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી માટે પણ મહત્વની છે કેમ કે આ ચૂંટણી નક્કી કરશે કે ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં મુખ્ય જંગ ભાજપ વર્સીસ કોંગ્રેસનો હશે કે ભાજપ વર્સીસ આમ આદમી પાર્ટીનો હશે. . ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં ૫ બેઠકો જીત્યા પછી આમ આદમી પાર્ટી પહેલી વાર આટલા મોટા પાયે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ઝંપલાવશે. છેલ્લી ચૂંટણી વખતે આમ આદમી પાર્ટીએ સુરત મહાનગરપાલિકા સહિતના કેટલાક વિસ્તારોમાં શાનદાર દેખાવ કર્યો હતો. આપ આગળ વધ્યો છે કે પછી ચમકારો બતાવીને સ્થગિત થઈ ગયો છે તેની આ ચૂંટણીમાં કસોટી છે. કોંગ્રેસ વરસોથી ગુજરાતમાં મુખ્ય વિપક્ષ છે પણ આમ આદમી પાર્ટી તેને પડકારી રહી છે. તેના કારણે કોંગ્રેસ માટે પોતાનું વર્ચસ્વ જાળવવાનો પડકાર છે ને આ ચૂંટણીમાં તેની કસોટી થઈ જશે.

■■■

ભૂપેન્દ્ર પટેલનું શું થશે ?

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી ભાજપના પાટીદાર મુખ્યમંત્રીઓને ફળતી નથી. ભૂપેન્દ્ર પટેલ ગુજરાતમાં ભાજપના ત્રીજા પાટીદાર મુખ્યમંત્રી છે અને આ પહેલાંના બંને પાટીદાર મુખ્યમંત્રીઓ કેશુભાઈ પટેલ અને આનંદીબેન પટેલનો સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓએ ભોગ લઈ લીધો હતો. ભૂપેન્દ્ર પટેલ મુખ્યમંત્રી બન્યા પછી સ્થાનિક સ્વરાજની આ પહેલી ચૂંટણી છે તેથી ભૂપેન્દ્રદાદાનું શું થશે એ સવાલ પણ ચર્ચામાં છે.

ભૂપેનદ્ર પટેલ સ્વચ્છ ઈમેજ ધરાવતા નેતા છે અને અત્યાર સુધી કોઈ વિવાદમાં પડ્યા નથી તેથી ભાજપ હાઈકમાન્ડને પણ તેમના માટે અણગમો નથી ને પ્રજાને પણ અણગમો નથી. બલ્કે ભૂપેન્દ્ર પટેલ સહજતાથી પ્રજાની વચ્ચે જાય છે અને તેમને સાંભળે છે તેના કારણે એ લોકોનો પોતીકા લાગે છે એ જોતાં ભૂપેન્દ્ર પટેલની હાલત કેશુભાઈ પટેલ અને આનંદીબેન પટેલ જેવી થાય એવી શક્યતા ઓછી છે પણ રાજકારણ અનિશ્ચિતતાની રમત છે તેથી કંઈ કહેવાય નહીં. ભૂપેન્દ્ર પટેલ ભાજપને જીતાડીને ટકી જશે તો સ્થાનિક સ્વરાજનીચૂંટણીન ઘાત ટાળીને ટકી જનારા પહેલા મુખ્યમંત્રી બનશે.

■■■

કેશુબાપાને સ્થાનિક સ્વરાજની ચૂંટણી નહોતી ફળી.

કેશુભાઈ પટેલ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ૨૦૦૦ની સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજાઈ હતી. ૧૯૯૫માં પહેલી વાર કેશુભાઈ મુખ્યમંત્રી બન્યા પછી શંકરસિંહ વાઘેલાએ કરેલા બળવાના કારણે લોકોને કેશુભાઈ તરફ સહાનુભૂતિ હતી તેથી ૧૯૯૮માં લોકોએ ફરી ભાજપને જીતાડ્યો હતો. શંકરસિંહ વાઘેલાની સત્તાલાલસાના કારણે ભાજપનાં ઉભાં ફાડિયાં થયાં તેથી લોકો ભાજપના પડખે રહ્યા હતા. ગુજરાતની પ્રજાએ ૧૯૯૮માં ફરી ભાજપને જીતાડી શંકરસિંહ વાઘેલાને જાકારો આપ્યો હતો.

કેશુબાપા માટે આ મોટી તક હતી  પણ કેશુબાપા લોકોની અપેક્ષાઓ સંતોષવામાં નિષ્ફળ રહ્યા હતા. બીજી ટર્મમાં  કેશુભાઈના શાસનમાં ભાજપના મંત્રી અને કેશુભાઈની નજીકના કેટલાક લોકો બેફામ બની ગયા હતા. ખાસ કરીને જમીનો અને શિક્ષણમાં થયેલા બેફામ ભ્રષ્ટાચારના કારણે લોકો કેશુભાઈ પટેલથી ખફા હતા.

કેશુભાઈ પટેલ સામેનો આક્રોશ તથા અસંતોષ લોકોએ  ઉગ્રતાથી મતદાનમાં બતાવ્યો તેથી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપનો સફાયો થઈ ગયો હતો.   ૨૫ જિલ્લા પંચાયતમાંથી ૨૩ જિલ્લા પંચાયત ભાજપે ગુમાવી હતી.  છ મહાનગરપાલિકામાં પણ ભાજપની કારમી હાર થઈ હતી અને ભાજપે પોતાના શહેરી ગઢ પણ ગુમાવ્યા હતા. ભાજપ ૧૯૭૭થી રાજકોટ મહાનગરપાલિકામાં સત્તા ભોગવતો હતો પણ ૨૦૦૦માં રાજકોટમાં ભાજપ હારી ગયો હતો અને  ૨૩ વર્ષ પછી ભાજપે રાજકોટમાં સત્તા ગુમાવી હતી. ભાજપ અમદાવાદમાં ૧૯૮૭થી સત્તામાં હતો અને ૧૩ વર્ષ પછી સત્તા ગુમાવી હતી. સુરત મહાનગરપાલિકામાં ભાજપ જીત્યો હતો પણ  નગરપાલિકાઓ અને નગર પંચાયતોમાં  ભાજપનું  ભારે ધોવાણ થયું હતું.

આ ચૂંટણીનાં પરિણામોના કારણે ભાજપ હાઈકમાન્ડે કેશુભાઈ પટેલ સિવાયના વિકલ્પો વિચારવા માંડ્યા. દરમિયાનમાં ગુજરાતમાં ૨૦૦૧ની ૨૬ જાન્યુઆરીએ ભૂકંપ આવ્યો. કેશુભાઈ ભૂકંપ પછીના રાહત કાર્યોમાં નિષ્ફળ સાબિત થયા તેથી છેવટે તેમને રવાના કરીને મોદીને ગુજરાતના મુખ્યમંત્રી બનાવાયા અને દેશમાં મોદી યુગની શરૂઆત થઈ.

■■■

આનંદીબેનનો ભોગ પણ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓએ લીધો હતો.

ગુજરાતમાં ૨૦૧૫ની ચૂંટણી સ્થાનિક સ્વરાજની ચૂંટણી વખતે આનંદીબેન પટેલ મુખ્યમંત્રી હતાં. આ ચૂંટણીમાં ખરાખરીનો જંગ હતો. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં  ૨૦૧૫ની ચૂંટણી જેટલો રસ લોકોને પહેલાં કદી નહોતો પડ્યો તેનું કારણ પાટીદાર અનામત આંદોલન હતું.આ આંદોલને  ગુજરાત પર ૧૫ વર્ષથી એકચક્રી શાસન ભોગવતા ભાજપને પહેલી વાર ભયભીત કરી દીધો હતો ને ચૂંટણીનાં પરિણામોએ ભાજપના  ભયને સાચો પાડ્યો હતો.  પાટીદાર આંદોલને ૨૦૧૫માં ભાજપની  કફોડી હાલત કરી નાંખી હતી.

નરેન્દ્રમોદી વડાપ્રધાન બન્યા પછી આનંદીબેન પટેલ મુખ્યમંત્રીપદે આવ્યાં હતાં. આનંદીબેન પાટીદાર નેતા હતાં છતાં આશ્ચર્યજનક રીતે પટેલોએ તેમની સામે બાંયો ચડાવીને અનામતની માગણી સાથે આંદોલન શરૂ કરી દીધું હતું. હાર્દિક પટેલ અને લાલજી પટેલ એ બે પાટીદાર નેતાઓએ પાટીદારોને ઓબીસીનો દરજ્જો આપવાની માગણી સાથે શરૂ કરેલું આંદોલન પહેલાં બહુ ઉગ્ર નહોતું પણ આંદોલનને  કચડી નાંખવા માટે આનંદીબેન પટેલ સરકારે સખ્તાઈ બતાવી તેથી પટેલો ભડકી ગયા ને આંદોલન ઉગ્ર બન્યું. આંદોલનને દબાવી દેવા માટે આનંદીબેન પટેલની સરકારે હાર્દિક પટેલ સહિતના પટેલ નેતાઓ સામે રાજદ્રોહનો કેસ કરીને જેલમાં ધકેલી દીધા હતા.

આ કારણે આનંદીબેન પટેલની સરકાર સામે પટેલોમાં  જોરદાર આક્રોશ હતો. સ્થાનિક સ્વરાજની  ચૂંટણીઓમાં  આ આક્રોશનો પડઘો પડ્યો અને  ગ્રામીણ વિસ્તારોમાં જોરદાર ભાજપ વિરોધી માહોલ થઈ ગયો હતો. ખાસ કરીને સૌરાષ્ટ્રમાં અતિ ઉગ્ર માહોલ હતો. પાટીદારો એ હદે ખફા હતા કે, પોતાના આ વિસ્તારોમાં ભાજપના નેતાઓને લોકો પગ પણ નહોતા મૂકવા દેતા. પોલીસની મદદથી મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સહિતના નેતાઓ ગયા તો તેમની સામે થાળી વેલણ વગાડીને આક્રોશ વ્યક્ત કરાયેલો. ભાજપના સંખ્યાબંધ નેતાઓએ આ વિરોધના કારણે ભાગવું પડ્યું હતું.

ચૂંટણીનાં પરિણામોમાં આ આક્રોશનો પડઘો પડ્યો.  ભાજપે અમદાવાદ અને રાજકોટ સહિત છ મહાનગરપાલિકા તો જીતી લીધી પણ ૩૧ જિલ્લા પંચાયતમાંથી ૨૩ ગુમાવી અને ૨૩૦ તાલુકા પંચાયતમાંથી ૧૬૯માં હાર થઈ. પાટીદારોના ભાજપ સામેના આક્રોશનો કોંગ્રેસને જોરદાર ફાયદો થયો અને કોંગ્રેસ ફરી બેઠી થઈ ગઈ હતી.

આ હારે આનંદીબેનનો ભોગ લઈ લીધો હતો અને ગુજરાતનાં બીજાં પાટીદાર મુખ્યમંત્રી પણ ટર્મ પૂરી કર્યા વિના ઘરભેગાં થઈ ગયાં. ■


sanjogpurti@gmail.com


# ઓખાહરણ કે અનિરુદ્ધ-કિડનેપિંગ ? : બૂબુડાનાથનું 'અધ્યાત્મ' અને મારો તર્ક



સામાન્ય રીતે માણસને જ્ઞાન પુસ્તકાલયોમાં, હિમાલયની કંદરાઓમાં કે પછી સોશિયલ મીડિયાના 'મોટિવેશનલ' ક્વોટ્સમાં મળતું હોય છે. પણ મારું નસીબ જરા નોખું છે. મને જ્ઞાન આપવા માટે સાક્ષાત્ 'કાલભૈરવના અવતાર' સમાન મારા બૂબુ (જેમને હવે હું આદરપૂર્વક સંત બૂબુડાનાથ કહું છું) એ એક અઘોર મધરાતે મને જગાડ્યો.

બહાર કાળી ડિબાંગ રાત હતી, અને બૂબુએ પોતાની પૂંછડીના એક ચોક્કસ લયબધ્ધ હલનચલનથી (જેને સામાન્ય લોકો માત્ર કૂતરું પૂંછડી હલાવે છે એમ સમજે, પણ એ તો બ્રહ્માંડનો સંકેત હતો!) મારી ઊંઘ ઉડાડી દીધી. એની ચમકતી આંખોમાં જાણે યુગોનો ઈતિહાસ છલકાતો હતો. એણે એક ગૂઢ 'ભૌં... ભૌં...' કર્યું, જેનો ગુજરાતી અનુવાદ કંઈક આવો હતો: 'એલા નારન, આ દુનિયા જે વાંચે છે અને જે સમજે છે, એમાં જમીન-આસમાનનો ફરક છે. જરા ઓખાહરણના પાના ફેરવ, તને સમજાશે કે આ હરણ કોનું થયું હતું!'

બસ, એ જ રાત્રે મને બ્રહ્મજ્ઞાન લાધ્યું કે આપણે હજારો વર્ષોથી એક બહુ મોટી 'જેન્ડર બાયસ'(જાતિગત પક્ષપાત) વાળી ભૂલ કરતા આવ્યા છીએ. આપણે જેને 'ઓખાહરણ' કહીએ છીએ, એ વાસ્તવમાં હિસ્ટ્રીનું સૌથી પહેલું અને સૌથી સોફિસ્ટિકેટેડ 'અનિરુધ્ધ-કિડનેપિંગ' હતું! એક સ્ત્રીએ પ્રેમમાં ખાબકીને કરેલું અથવા કરાવેલું પુરુષનું પ્રથમ અપહરણ. અને એ પણ કૃષ્ણ પુત્રનું અપહરણ. જેણે આડેધડ પ્રેમમાં પડી પડીને આડેધડ અપહરણો કર્યા છે અને કરાવ્યા છે એવા કૃષ્ણના પુત્ર અનિરુધ્ધનું અપહરણ!

પ્રેમની 'એમેઝોન પ્રાઈમ' ડિલિવરી!

જરા કલ્પના તો કરો! બાણાસુરની દીકરી ઓખાને સપનું આવે છે. સપનામાં એક રુપાળો છોકરો દેખાય છે. હવે આજના જમાનામાં કોઈને સપનું આવે તો આપણે સવારે ઊઠીને 'ડ્રીમ ડિક્શનરી'માં ચેક કરીએ અથવા ઈન્સ્ટાગ્રામ પર 'ક્રશ' શોધીએ. પણ ઓખા તો લેવલ-અપ હતી. એણે પોતાની ખાસ સખી અને તે જમાનાની 'હાઈ-ટેક ગેજેટ' સમાન ચિત્રલેખાને બોલાવી.

ચિત્રલેખા એટલે આજનું 'ગૂગલ લેન્સ' અને 'ફોટોશોપ'નું કોમ્બિનેશન! ઓખાએ વર્ણન કર્યું અને ચિત્રલેખાએ સ્કેચ બનાવ્યો. સ્કેચ મેચ થયો દ્વારકાના અનિરુદ્ધ સાથે. હવે અહીંથી આધુનિક એંગલ શરૂ થાય છે. સામાન્ય રીતે હરણ નાયિકાનું થતું હોય છે (જેમ કે સીતાહરણ), પણ અહીં તો ઓખાએ ઓર્ડર આપ્યો અને ચિત્રલેખા 'દ્વારકા' નામની દુકાને પહોંચી ગઈ.

ધીસ ઇઝ ધેટ

નારન બારૈયા

અનિરુદ્ધ બિચારો પોતાના બેડરૂમમાં નિરાંતે 'સ્લીપ મોડ'માં હતો. એને ખબર પણ નહોતી કે એનું 'લાઈવ લોકેશન' ટ્રેક થઈ ગયું છે. ચિત્રલેખાએ કોઈ પરમિશન લીધી? ના. કોઈ ઓટીપી આવ્યો? ના. સીધો પલંગ ઉપાડ્યો! આને તમે 'હરણ' કહો છો? આ તો પ્યોર કિડનેપિંગ છે, સાહેબ! એ પણ હોમ ડિલિવરી સાથે. અનિરુદ્ધ જ્યારે આંખ ખોલે છે ત્યારે એ દ્વારકામાં નહીં પણ સોણિતપુરમાં ઓખાના બેડરૂમમાં હોય છે. કલ્પના કરો, આજે કોઈ છોકરો સવારે ઉઠે અને પોતાને સીધો સાસરીમાં જુએ તો એના પર શું વીતે?

પુરુષવાદનો ભોગ બન્યો હતો અનિરુદ્ધ. આપણા સમાજમાં પુરુષો સાથે હંમેશા અન્યાય થયો છે. અનિરુદ્ધને કોઈએ પૂછ્યું કે 'ભાઈ, તારે હરણ થવું છે?' ના. એ તો બિચારો 'વિક્ટિમ' હતો. પણ આખી દુનિયા ગાય છે 'ઓખાહરણ'. અરે ભાઈ, ઓખા તો પોતાના ઘરે સેફ હતી! એનું હરણ ક્યાં થયું છે? એણે તો હરણ કરાવ્યું છે.

સંત બૂબુડાનાથે જ્યારે મને આ તર્ક સમજાવ્યો, ત્યારે મને સમજાયું કે ઓખા તો તે જમાનાની સૌથી પાવરફુલ 'સીઈઓ' હતી. એણે અનિરુદ્ધને 'એક્વાયર' (Acquire) કર્યો હતો. આ તો 'સ્ટાર્ટઅપ' જેવું કામ છે. આઈડિયા ઓખાનો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર બાણાસુરનું અને એક્ઝિક્યુશન ચિત્રલેખાનું! અને પ્રોડક્ટ? બિચારો અનિરુદ્ધ! આને હરણ ગણાવવું હોય તો પણ તે અનિરુદ્ધ હરણ ગણાવવું પડે, જાનેમન !

પછી શરૂ થાય છે અસલી ડ્રામા. બાણાસુરને ખબર પડે છે કે મહેલમાં 'બિન-અધિકૃત' વ્યક્તિ ઘૂસી આવી છે. હવે, જો કોઈ છોકરીનું હરણ થયું હોય તો પિતા બચાવવા જાય, પણ અહીં તો પિતા (બાણાસુર) પોતાની દીકરીના મહેલમાં જમાઈને જેલમાં નાખે છે! આ કેટલું વિચિત્ર છે?

બીજી બાજુ દ્વારકામાં એલાર્મ વાગે છે - 'અનિરુદ્ધ મિસિંગ!'. કૃષ્ણ ભગવાનને તરત સમજાઈ ગયું હશે કે આ કોઈ ગંભીર કિડનેપિંગનો કેસ છે. એટલે તેઓ સેના લઈને નીકળ્યા. ત્યાં તો શિવજી પણ બાણાસુરના પક્ષે લડવા આવ્યા. 'હરિ' અને 'હર' સામસામે! શેના માટે? એક એવા છોકરા માટે જે ઊંઘમાં હતો અને જેનું 'હરણ' એક છોકરીએ પોતાની ફ્રેન્ડ પાસે કરાવ્યું હતું!

આને કહેવાય 'ફેમિલી ડ્રામા'નું અલ્ટીમેટ લેવલ. જો અનિરુદ્ધે મોઢું ખોલ્યું હોત તો એણે ચોક્કસ કહ્યું હોત, 'પ્રભુ, આ લોકો સાથે લડવાનું બંધ કરો, મને તો ખાલી ઘરે જઈને મારી ઊંઘ પૂરી કરવા દો!'

બૂબુડાનાથે મારી સામે એક એવી નજર ફેંકી જાણે કહી રહ્યા હોય કે, 'નારન, આ સંસારમાં જે દેખાય છે તે સત્ય નથી.' આપણે જેને 'ઓખાહરણ' કહીએ છીએ, એ ખરેખર તો એક એવી કથા છે જ્યાં નાયિકા મજબૂત છે, સખી ટેલેન્ટેડ છે અને નાયક... બિચારો 'પાર્સલ' છે! આ આધુનિક યુગનો સૌથી મોટો પાઠ છે. સ્ત્રીઓ જ્યારે ધારે ત્યારે 'સિસ્ટમ' હેક કરી શકે છે, પછી એ દ્વારકાની સિક્યોરિટી હોય કે અનિરુદ્ધનો પલંગ!

આથી જ, હવે પછી જ્યારે તમે 'ઓખાહરણ' સાંભળો, ત્યારે અનિરુદ્ધ માટે બે મિનિટનું મૌન પાળજો. કારણ કે એ ઈતિહાસનો પ્રથમ એવો પુરુષ હતો જેને ખબર પણ નહોતી કે એ 'કિડનેપ' થઈ રહ્યો છે કે એનું 'હરણ'થઈ રહ્યું છે.

ધન્યવાદ સંત બૂબુડાનાથ! તમારા કારણે આજે ગુજરાતી સાહિત્યને એક નવો, હસતો-રમતો અને તાર્કિક 'એંગલ' મળ્યો છે. હવે હું જઈ રહ્યો છું, કારણ કે બૂબુડાનાથે ફરીથી પૂંછડી હલાવી છે - કદાચ હવે એ મને 'રામાયણ'ના કોઈ પાત્ર વિશે નવું જ્ઞાન આપવા માંગે છે! ■


naranbaraiya277@gmail.com


# કાર્યમાં નિપૂર્ણતા એ જ કર્મ...



સામાજિક અને શૈક્ષણિક




ડો. વિપુલ.ડી. પટેલ

(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)


ભગવદ્ ગીતાના દાર્શનિક સિદ્ધાંતમાં કહેવામાં આવ્યું છે કે તું કર્મ કરતો જા ફળની આશા રાખીશ નહીં. કર્મ એ જ ધર્મ છે. અહીંયા તો ધર્મના આડંબરમાં કર્મ કર્યા વગર લક્ષ્મીપતિ બનવાની પરંપરા ચાલી રહી છે. ધર્મના નામે જમીન ઉપર દબાણ કરવું ત્યારબાદ તે જમીનનો કબજો લઈ લેવો, ધીમે ધીમે ધર્મના ઓઠા હેઠળ પોતાની માલિકી હક દાખલ કરાવો શું આ ધર્મ છે? સરકારી જમીન પર બિનજરૂરી બાંધકામ કરવું તે ધર્મ છે? ગામડાઓમાં તો અતિશય દબાણ છે તેવા સમયે પંચાયતના તલાટી અને સરપંચને શા માટે લેન્ડ ગેમ્બિંગ કાયદામાં તેઓને કારાવાસની સજા કરવામાં આવતી નથી. ફરજના ભાગરૂપે કાર્ય કરવું તે દરેક ભારતીયની નૈતિક ફરજ છે. એક સહી કરવા માટે ચાર દિવસ સુધી ફાઈલ ટેબલ ઉપર પડી રહે એનો મતલબ કે હજુ સહી શીખવાની બાકી છે? સમય મર્યાદામાં કાર્ય પૂર્ણ કરવું તે મોટો ધર્મ છે.સરકારના તમામ કર્મચારીઓ પોતાની ફરજનું પાલન કરે તે સૌથી મોટો ધર્મ છે. ભગતસિંહ એ કહ્યું છે કે "સૌથી મોટામાં મોટો ધર્મ રાષ્ટ્ર ધર્મ છે" તેનું સિંચન કરવું તે આપણી ફરજ છે?

આજે ભૌતિકવાદના સમયગાળામાં રાતોરાત લક્ષ્મીપતિ બનવાવાળા એક દિવસ સ્મશાન યાત્રાની લાઈનમાં ઊભા રહેશે. તેવો ખ્યાલ રાખશે તો માનવતા જે મરી પડી છે ને તે જીવંત બનશે. માનવો આધ્યાત્મિકતાવાળા હોઈએ તે સારી બાબત છે. પરંતુ કર્મની બાબતમાં સત્યતા અને નિષ્ઠા ખૂબ મહત્વની છે. ગાંધીજીએ કહ્યું છે કે સત્ય સનાતન છે. ભારતનો મુદ્રાલેખ "સત્યમેવ જયતે છે" પરંતુ જે અસત્યના માર્ગે થાય છે તે જગ જાહેર છે. ઈલેક્શનનો માહોલ હોય તેવા સમયે લોકોની પણ નૈતિક ફરજ બને છે કે મતદાન કરવું એ દરેક નાગરિકનો અધિકાર છે. યોગ્ય વ્યક્તિને વોટ આપવો તે સૌથી મહત્વની બાબત છે. લોકશાહીના ધબકારા વ્યાપક બનાવવા હોય તો કર્મ એ જ ધર્મ છે. ઘણી વખતે સુફિયાણી વાતો કરનારા લોકો કહે છે કે અમેરિકા દેશ કેટલો આગળ છે પણ તે નથી કહેતા કે અમેરિકાના લોકો સમય મર્યાદામાં કાર્ય કરે છે. કચરો કચરા પેટીમાં નાખે છે. ટ્રાફિકના નિયમોનું પાલન કરે છે. ટોયલેટમાં પાણી રેડે છે. પર્યાવરણનું જતન કરે છે. સૌથી મહત્વની બાબત પોતાના દેશને વફાદાર રહે છે. અહીંયા તો ડગલે અને પગલે અમીરચંદ અને મીરજાફર જેવા ગદ્દારો જોવા મળે છે. પછી પાછા બોલશે કે ભારત મારો દેશ છે હું મારા દેશને ચાહું છું કયા મોઢાની વાત કરવી?

પટાવાળાથી માંડીને પ્રાઈમ મિનિસ્ટર સુધી દરેકે પોતાની કાર્યક્ષેત્રમાં આવતું કાર્ય કરવું જોઈએ. દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી કાર્ય કર્તા હોય તો આપણે પણ આપણી ફરજ સમજી કાર્ય કરવું જોઈએ ને તો જ દેશની ગતિશીલતા અને ગુણવત્તા વ્યાપક બની શકે. અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટલના શબ્દોમાં કહીએ તો 'વિશ્વ તમારા કામને જોવે છે,નહીં કે તમારા વિચારો' માણસ ગમે તેટલા સારા વિચાર કરે. પણ સાથે સાથે કામ ન કરે તો કોઈ અર્થ નથી.

કોઈપણ કાર્ય નિપુણતાથી કરવુ તે પણ કળા છે. બુટ સાધનાર યોગ્યતાથી કાર્ય કરે તો લાંબો સમય સુધી બુટ અથવા ચંપલ ફાટતા નથી. તેમ સામાન્યથી મોટું કામ કાળજી અને કર્મથી કરવામાં આવે તો તેની અવધી લાંબો સમય સુધી ટકી શકે છે. કાર્ય કરવામાં ઉત્સવ હોવો જોઈએ. સરદાર પટેલ જ્યારે ગૃહપ્રધાન હતા ત્યારે પોતે દરેક ફાઈલ ચેક કરે અને તેનું નિરાકરણ ઝડપી આવે તેવા તેમના કાર્યો રહ્યા છે એટલે તો તેમને લોહપુરુષ કહેવામાં આવે છે.ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી સ્વ.બાબુભાઈ જશભાઈ પટેલ મુખ્યમંત્રીના કાર્યાલયમાં સંપૂર્ણ ફાઈલો નિરાકરણ આવે પછી જ ઘરે આવતા હતા. ચોકસાઈથી જોવું અને જ્યાં જરૂર પડે ત્યાં નોંધ કરવી તેવી કલા ધરાવતા હતા.આવા કાર્યો રાષ્ટ્રને પ્રગતિના માર્ગે લઈ જાય છે. કામ કરવાનો આનંદ હોવો જોઈએ. આપણે જે પગાર લઈએ છીએ તેનાથી સવાયુ કામ કરવું તે કર્મ છે.મનુષ્ય દેહ મળ્યો છે તો કાર્ય સારા કરીને જઈશું તો સ્વર્ગ લોક પામીશું. કર્મ જ ધર્મ છે બાકી બધું નિરર્થક છે. ■


Mo.9825702282

# માનસિક રોગનો મનોવૈજ્ઞાનિક ઉપચાર



હિંદી ફિલ્મનું આ સુમધુર ગીત મનની અપ્રતિમ શક્તિ દર્શાવે છે. જ્યારે એ અપ્રતિમ શક્તિવાળુ મન બીમાર બને છે ત્યારે તેને સ્વસ્થ કરવું એ ધણું જ ધૈર્ય અને મહેનત માગે છે. જીવન એક અજ્ઞાતની યાત્રા છે. આ યાત્રામાં વ્યક્તિ સમક્ષ બે માર્ગ હોય છે. ૧) શ્રેયનો માર્ગ ૨) પ્રિય લાગે તેવો માર્ગ તેમાં શ્રેયનો માર્ગ એટલે સદા માટે બધા પ્રકારના દુખોથી છુટીને નિત્ય આનંદ સ્વરૂપ પરબ્રહ્મ પૂરૂષોતમને પ્રાપ્ત કરવાનો માર્ગ બીજુ એટલે કે પ્રેય માર્ગ જેમાં સાંસારિક સુખ ભોગ વિલાસની સામગ્રીઓ અને તેની પ્રાપ્તિનો ઉપાય. બુધ્ધિમાન પુરૂષ બંન્ને માર્ગોનો બરાબર વિચાર કરીને પૂરૂષાર્થ દ્વારા શ્રેય માર્ગને પસંદ કરે છે અને અધ્યાત્મ માર્ગનું અનુસરણ કરીને સંસારરૂપી શોક સમુદ્રને સહજભાવથી પાર કરી જાય છે.સંસારમાં કોઈ એવા વ્યક્તિ નથી કે જેને કોઈ શારીરિક કે માનસિક રોગ ન હોય, વાત,પિત અને કફ વિષમ થવાના કારણે રોગ ઉત્પન્ન થાય છે.


“આધુનિક સભ્યતાએ માનસિક રોગીઓની સંખ્યામાં વૃધ્ધિ કરેલ છે.”

પ્રસિધ્ધ પાશ્ચાત્ય મનોચિકિત્સક ડૉ. સિગમંડ ફ્રોઈડે પ્રબળ કામશક્તિના દમનને કારણે માણસ મનોરોગી બને છે. તેવું દર્શાવેલ છે. અત્યારના સમયમાં અનિયંત્રિત ભોગઈચ્છા માનસિક રોગનો મૂળહેતુ બની જાય છે. શારીરિક સુખની ઈચ્છા ઈન્દ્રિય ભોગને કારણે ઉત્પન્ન ભોગને થાય છે અને સમાજના ભયથી અથવા નૈતિક મુલ્યોને કારણે આ ભાવનાઓની ઈચ્છાઓની આકાંક્ષાઓની પૂર્તિ થતી નથી ત્યારે તે દમિત થાય છે. આ અતૃપ્ત આકાંક્ષાઓ માનસિક રોગોમાં પ્રતિક રૂપે પ્રકાશિત થાય છે. અર્થાત અમર્યાદિત કામોપભોગથી દૂર રહેવું જોઈએ.

ભગવદ્ગીતામાં યુક્ત આહાર વિહાર દ્વારા દુઃખોથી છુટવાનો ઉપાય ભગવાન શ્રી કૃષ્ણની અમોઘ વાણીમાં દર્શાવેલ છે. આપણે જેવો સંગ કરીએ છીએ જેવું વિચારીએ છીએ તેવાજ બની જઈએ છીએ. તેથીજ સદગ્રંથ આપણને સતપથ પર ચાલવાનો આદેશ આપે છે. કારણકે સત્વ ગુણનો આરોગ્ય સાથે ધનિષ્ઠ સંબંધ છે. રજોગુણ અને તમોગુણ મનુષ્યને રોગ,ચિંતા તથા પ્રમાદ તરફ લઈ જાય છે. જેનાથી જીવનમાં શારીરિક રોગો જેવા કે ઉંચુ લોહીનું દબાણ, લીવરની બીમારી, મધુપ્રમેહ, કેંન્સર જેવી બીમારીઓથી મનુષ્ય ગ્રસિત થાય છે અને તે અતિશય દુઃખદ છે.

સત્વગુણી કોને કહી શકાય? ભાવપ્રકાશ નામના ગ્રંથમાં કહેવાયું છેકે, આસ્તિક, સંતુલિત કરનાર, શાંતચિત રાખનાર, સત્યવચન બોલનાર, બુધ્ધિશાળી, ધીરજવાન ક્ષમા તથા કરૂણાથી યુક્ત, અભિમાન વગરનો ખોટી ઈચ્છાઓથી રહિત, આનંદ પૂર્વક પોતાનું કર્મ કરનાર, વિનયશીલ પૂરૂષ તથા સદૈવ ધર્મનો આદર કરનારજ સત્વગુણ સંપન્ન કહેવામાં આવે છે. આવા દિવ્યગુણોને કારણે જ્ઞાનીઓએ આવા સત્પૂરૂષોનું મહિમાગાન કરેલ છે.

પાશ્ચાત્ય મનોવૈજ્ઞાનિકો માને છેકે, મનુષ્યનું મન સમુદ્રમાં તરતા બરફ જેવું છે. જેનો એક અંશ પાણી પર દેખાય છે. બાકીના આઠ ભાગનો બરફ પાણીની અંદર હોય છે. બહાર દેખાતો ભાગ જેને ચેતનમન સમજવામાં આવે છે. અને અદ્દર્શ્યભાગને અચેતન મન કહેવામાં આવે છે. મનુષ્યનું ચેતન મન જ્યારે ઉંઘી જાય છે ત્યારે અચેતન મન જાગતું રહે છે. ‘છાંદોગ્ય ઉપનિષદ’ અનુસાર સુષુપ્તિ અર્થાત ગાઢ ઉંઘમાં મનુષ્ય ઈશ્વરસાથે જોડાઈ જાય છે. મનમાં પરમાત્માનો પ્રવેશ થાય છે. જેમ અરિસામાં મનુષ્યનું પ્રતિબિંબ પ્રવેશ કરે છે. સમાધિમાં તથા શાંત મનની સ્થિતિમાં સુવાથી જીવાત્મા પરમાત્મા સાથે જોડાઈ જાય છે. મનુષ્ય જાગૃત થાય ત્યારે તાજગી અનુભવે છે. ફ્રાંસના ડૉ. ઈમિલકુએ પોતાના ચિકિત્સાલયમાં ઉંઘતા પહેલા રોગીને શાંતભાવમાં લાવીને ઉંઘાડતા હતા. ઉંઘતા પહેલા રોગીને મંત્રના રૂપમાં કેટલીય વખત ઉચ્ચારણ કરાવતા હતા. ‘હું દરરોજ વધુને વધુ સ્વસ્થ થઈ રહ્યો છું’ આ આત્મનિર્દેશ સુતી વખતે સીધા જ પોતાના અચેતન મનમાં પ્રવેશ કરતો હતો અને ઉંઘ પૂરી થયા બાદ જાગતી વખતે રોગીને આરામ લાગતો હતો. આ અભ્યાસ નિયમિત કરવાની રોગીને સૂચના આપતા હ્તા. તેઓ કહે છેકે, આપણા અચેતન મનમાં અપાર શક્તિ છે. તેની સાથે જોડાવાની ચમત્કારિક કાર્ય કરવાની ઈચ્છા વ્યક્તિમાં આવી જાય છે. મનુષ્યનું મન વાસનાઓને કારણે મલિન થાય છે. **(ક્રમશઃ)**



વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર
hemangidmehta@gmail.com

# ભાઈ ! થાતો ભુવો વધારે ધુણે આ હકીકત છે



ખાદીનો પાયજામોને પહેરણ અને માથે મોદી બ્રાન્ડ બંડી ઠપકારીને બનેવીલાલ આજે દેખાયાં.

બેરાલાલને નવાઈ લાગી. આ બનેવીલાલના કપડાં અચાનક બદલાઈ કેમ ગયાં? ગામમાં નથી કોઈ લગન,નથી કોઈ કથા, સપ્તાહ. તો પછી..! છેવટે બેરાલાલે પુછી જ નાખ્યું.

‘બનેવીલાલ! આજે કાંઈ અલગ મૂડમાં જ લાગો છો.

કાંઈ વાર -તહેવાર કે લગન બગન?’

‘તમને નથી ખબર? આપણાં માટે, મતલબ મતદારો માટે આ ઉત્સવથી કમ નથી. પાંચ વરહે એકવાર જ મતદારોનો જમાનો આવે છે. અને એય તે એક દિવસ પુરતો જ.’

‘હં..હં..અ. તંઈ હાસું. છોકરાઓ ચૂંટણી ચૂંટણી કરતાં ‘તાં. મને એમ કે છોકરાઓ ચૂંટણી ચૂંટણી રમતાં હશે. ઠીક..છે.!! સરવાળે ચૂંટણી આવી એમને !! પણ, શું તમારે ‘ય ચૂંટણીમાં ઊભું રે ‘વું છે ?

તમારું દરહણ અને તમારો વેશ જોઈને લાગે તો છે, કે તમને ‘ય ચૂંટણી લડવાનાં અભરખાં જાગ્યાં છે.’

‘બેરાલાલ! તમારું અનુમાન ખરું છે. ટિકિટ મળે તો ચૂંટણીમાં ઝંપલાવુ છે. આગે આગે ગોરખ જાગે.’

આ વાત -ચિત દરમિયાન બોસ અને બકો ‘ય આવી ગયાં હતાં.

બકાએ એક વાતનું ધ્યાન દોર્યું.

‘બનેવીલાલ! તમે ચૂંટણીમાં ઊભાં તો રહેશો. પણ, તમારી બંડીનું ખીસું કપાઈ ગયેલું છે. મેં તો હાંભળયું છે કે, નેતાઓનાં ખીસ્સા હાજા હોય છે. અને તમારું ફાટેલું!?’

‘હં..હં..અ. તંઈ હું વિચાર કરું છું કે, (નેતાઓ કોઈ ‘દિ કોઈને કાંઈ આપે નહીં. આપે તો બસ ઠાલાં વચનો જ આપે) અને મને આ નવી જેવી લાગતી બંડી કેમ આપી??



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

પણ, મેં એક વાર્તા વાંચી હતી. એક દિવસ ઉંદરોમા શરત લાગી. આપણે નાનાં નાનાં માણસોનાં ખીસ્સા તો બહું કાપીએ છીએ. કોઈ મરદનો ફાડિયો છે, કે નેતાનું ખીસ્સું કાપીને દેખાડે.

મને લાગે છે, કે એમાં આ બનેવીલાલની બંડીનો વારો પડી ગયો હશે. અને એટલે જ એમણે મને હારું લગાડવા આ બંડી ભેટમાં આપી દીધી હશે.’

અભણ અમથાલાલને આનાંથી જરાય નવાઈ ના લાગી. અને એમણે આગળ ચલાવ્યું..

‘નેતાઓનાં લોહીમાં આવું બધું હોય છે. પણ !, હવે તો આવાં નેતાઓ ઉપરે ‘ય રાત રહે એવાં એવાં અધિકારીઓ ઉત્પન્ન થવાં લાગ્યાં છે.’

‘અમથાલાલ ! ચૂંટણી અને નેતાઓની વાત હાલે છે. એમાં અધિકારીઓની વાત ક્યાંથી આવ્યાં? ’

‘અધિકારીઓ પોતાનો અધિકાર તો વાપરે જ છે. પણ, વધારાનો અધિકાર એ ઉત્પન્ન કરે છે. એટલે અધિકારી વચ્ચે આવ્યાં કરે છે.’

‘ અમથાલાલ કાંઈ હમજાય એવું બોલો. અમને કાંઈ કરતાં કાંઈ ટપ્પો પડતો નથી.’

‘જૂઓ.., તમે ઉંદરની વાર્તા કહી. પણ, હું તમને ઉંદરોની નાતની હકીકત કહું.

આપણાંમાં જેમ ચૂંટણી આવે છે. એમ એની નાતની ‘ય ચૂંટણી આવે છે. આવી એક ચૂંટણીમાં દસ બાર ઉંદરો દોડા દોડી કરી રહ્યા હતાં. મોટી ઉંમરનાં અને અનુભવી ઉંદરોને લાગ્યું કે, એમની દોડા દોડી કાંઈક વધારે પડતી છે. એટલે એમણે ટકોર કરી.’

‘ભાઈ ! થાતો ભુવો વધારે ધુણે આ હકીકત છે. પરંતુ, તમારું દોડવું વધારે પડતું હોય એવું મારું અનુમાન છે. હકીકત શું છે? તમે કહો. નહીંતર અમારાં બાતમીદારો અમને હકીકત જણાવશે.’

નવાં નવાં નેતા બનવા નીકળેલાં એ ઉંદરો ભાંગી પડ્યાં. અને પોપટ બની ગયાં.

‘જૂઓ.., અમારાં હાથમાં એક શક્તિશાળી પોટલું આવ્યું છે. તમે એક જ વાર એક મોઢું ભરો એટલે અખૂટ શક્તિ તમારામાં આવી જાય છે. બસ! આ કારણે જ અમારી દોડા દોડી વધી ગઈ છે.’

‘તો પછી અમને ‘ય ત્યાં સુધી લઈ જાવ! અમારો શું વાંક!??’

‘તમારે પેલાં એને લાયક બનવું પડે. પછી ન્યા જાવા મળે.

નાનાં માણસોને ન્યા કોઈ ઘરવા નો દે. પેલાં મત મેળવીને પદાધિકારી બનો. તો જ અધિકારી ઘરવા દે.’

‘કદાચ! જાતિ જિંદગીએ અમે એય કરવાં તૈયાર છીએ. પણ, આવો શક્તિનો ભંડાર ન્યા છે. અને એ તમારાં હાથમાં આવી ગયો છે. એની કોઈ સાબિતી ખરી!?? એનું કોઈ પ્રુફ છે તમારી પાસે??’

‘હા..હા..! પ્રુફ છે ને, વિધાનસભા.’

‘વિધાનસભા? ન્યા તો માણસો બેહે છે ને !!? આપણને ન્યા નો ઘરવા દે.’

‘માણસો કે‘ વાનાં બાકી ઈ ‘ય આપણાં નામે જ ચરી ખાય છે. આપણું નામ જ વટાવે છે.’

‘જરાં ફોડ પાડીને વાત કરોને, અને કાગળ ઉપર કોઈ સાબિતી ખરી!?’

‘હા..હા.. કાગળ ઉપર જ. હાત વાર કાગળ ઉપર.

વિધાનસભામાં સરકારનાં કામનાં હાસા -ખોટાંનાં લેખાં જોખાં કોણ કરે ખબર છે? **CAG** ,કેગ.

કેગે આ વખતે ગૅરિ વિભાગનો રિપોર્ટ વિધાનસભામાં મૂકયો. એમાં જણાવ્યું કે..

૨૦૨૨થી ૨૦૨૫ સુધીમાં પોલીસ ખાતાએ ૬૫૧૦ કિલો ડ્રગ્સ પકડ્યું હતું. અને એમનો નાશ કરવાનાં સમયે એ ડ્રગ્સ હતું. ૪૧૭૭ કિલો. તો ૨૩૩૨ કિલોની ઘટ કેમ આવી? ૨૩૩૨ કિલો ડ્રગ્સ ક્યાં ગયું?’

‘અધિકારીઓ અને પદાધિકારીઓએ સાથે મળીને જવાબ આપ્યો છે કે..૨૩૩૨ કિલો મતલબ ૧૧૭ મણ ડ્રગ્સ ઉંદરો ખાઈ ગયાં. મતલબ અમે નશો કરી ગયાં. હવે વધારે સબૂત જોઈએ છે?’

(વધુ આવતાં અંકે)

kalubhaibhad123@gmail.com

# લગ્ન સમારંભનું પ્રિ-પ્લાનિંગ





૪ માસ પૂર્વેઃ

લગ્ન કંકોત્રીની ડિઝાઈન અને લખાણ માટેના મેટર વગેરે તૈયાર કરી કરાવી લો અને પ્રિન્ટિંગ માટે આપી દો. પ્રૂફ વાંચવા માટે પૂરતો સમય રાખો.

યુવક-યુવતીના કે ઘરના સભ્યોના વસ્ત્રોને સિલાઈ માટે આપી દો.

યુવક-યુવતીના વાલીઓએ જે સામા પક્ષે આપવાની ચીજ-વસ્તુઓ કે ભેટની યાદી કરી તેની ખરીદી પણ કરી લેવી.

મકાનનું નાનું મોટું સમારકામ કે રંગ-રોગાન અને સાફ-સફાઈ કરાવી લો.

૩ માસ પૂર્વેઃ

લગ્ન પત્રિકામાં મહેમાનોના નામ લખવાનું શરૂ કરી દો.

સૌપ્રથમ લગ્ન કંકોત્રી આપતા પૂર્વે લગ્ન સાથે સંકળાયેલા તમામ કાર્યક્રમોની યાદી બનાવીને વોટ્સએપ ગ્રુપ બનાવી બધાને મોકલી આપો જેથી તેઓ તે દિવસે આવવાની પૂરતી તૈયારી કરી શકે.

બહારગામથી આવનારા મહેમાનો માટે આવાસ-નિવાસનું નક્કી કરી વ્યવસ્થા કરી-કરાવી દો.

દૂર વસનારા સગા-સંબંધીઓને કંકોત્રી પોસ્ટ કરવાનું શરૂ કરી દો.

ઘરે આવનારા મહેમાનોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ગ્રોસરી-શાકભાજી-અન્ય ચીજ-વસ્તુઓની વ્યવસ્થા કરી રાખો.

૨ માસ પૂર્વેઃ

આસપાસ રહેનારાઓને તમારા પરિવારની પરંપરા અનુસાર મીઠાઈ કે ઉપહારની સાથે કંકોત્રી આપવાનું શરૂ કરી દો.

બધા જ મુખ્ય પ્રસંગો - આયોજનો માટે પાણી, જનરેટર, લાઈટિંગ, સુરક્ષા વગેરે જેવી તમામ સુવિધાઓનો પ્રબંધ કરી-કરાવી લો.

બીજા શહેરમાંથી આવનારા મહેમાનોને રેલ્વે સ્ટેશન - બસ સ્ટેશન કે એરપોર્ટ પરથી ઘર સુધી લાવવાની વ્યવસ્થા કરી લો અને આયોજન કરી લો.

લગ્ન પૂર્વે થનારા બધા રીતિ-રિવાજો-રસમોમાં જે-તે મહેમાનોની ભૂમિકાઓ નક્કી કરી લો અને એ અંગે તેમને વ્યવસ્થિત પણે સમજણ પણ આપી દો.

ગીત-સંગીત-ગરબાના દિવસે કોઈ ધમાલ રાખવા ઈચ્છતા હોવ તો તેની તૈયારી પ્રથમથી જ કરી લો.

મહેંદી મૂકનાર બહેનોને, ગીત-સંગીત કરનાર ભાઈ-બહેનોને કે ગરબા ગવડાવનાર બહેનોના ગ્રુપને પ્રથમથી જ નક્કી કરીને બુક કરી લો. શક્ય હોય તો તેમને પ્રસંગોચિત ગીત-સંગીતનું લિસ્ટ પણ તૈયાર કરીને આપી શકો છો.

લગ્ન વિધિ વખતની જરૂરી ચીજ-વસ્તુઓની સામગ્રી માટે ગોર મહારાજને પૂછીને લિસ્ટ બનાવી લો અને ખરીદી કરીને તૈયાર રાખો.

૧ માસ પૂર્વેઃ

બધી જ ખરીદીની યાદીઓ, રસીદો વગેરે સાધનોને એક ફાઈલમાં મૂકી દો.

જરૂરી આવાગમન માટે ગાડી-રેન્ટ કે બાઈક-સ્કૂટરની વ્યવસ્થા પ્રથમથી જ કરી રાખો.

જરૂરિયાત મુજબના ગાદલા-તકિયા-ચાદર-પંખા-ડેકોરેશન-ખુરશી-ટેબલ વગેરેની વ્યવસ્થા કરી-કરાવી લો.


ક્રોકરી સહિતના બધા જ જરૂરી વાસણોની યાદી બનાવી ઓર્ડર કરી દો.

પર્યાપ્ત કૂકિંગ ગેસ સિલિન્ડરની વ્યવસ્થા પણ કરી રાખો.

ઘરના કામકાજ જેવા કે કચરા-પોતા-કપડા-વાસણ-બાળ સંભાળ-વૃધ્ધ સંભાળ-ખરીદી વગેરે માટે હેલ્પર્સની વ્યવસ્થા પણ કરી લો.

આમંત્રિતોનું લિસ્ટ ફરીથી એકવાર ચેક કરી લો અને જોઈ-જાણી લો. જો કોઈ રહી ગયું હોય તો તેને પોસ્ટ-આંગડિયા-રૂબરૂ કે ફોન નેટ દ્વારા કે મેસેજ દ્વારા નિમંત્રણ ચોક્કસ આપી દો.

જીવન તરંગ
જયસ્વી પટેલ



મહેમાનોને આપવાની ગિફ્ટ ખરીદીને તેનું પેકિંગ કરી યાદી કરી તૈયાર રાખો.

પરિવારના સભ્યો સાથે વિચાર-વિમર્શ કરીને બધી જ નજીકની વ્યક્તિઓ વચ્ચે લગ્ન સમારંભની જરૂરી જવાબદારીઓ વહેંચી દો.

કોઈ ખાસ જવાબદાર અને વિશ્વાસુ વ્યક્તિને સાલ્લા લેવાની અને ભેટ લેવાની જવાબદારી સોંપો.

મીઠાઈ-ડ્રાયફ્રૂટ્સનો ઓર્ડર આપી દો.

અંતમાં... લગ્ન સ્થળ, કેટરર્સ, ડેકોરેટર્સ, ડીજે-બેન્ડ, ગીત-સંગીત ગ્રુપ, મહેંદી ગ્રુપ, ફ્લોરિસ્ટ, ફોટોગ્રાફર, વિડિયોગ્રાફર, મહેમાનો માટે રહેવા-બેસવા-પાણી-નાસ્તો વગેરે માટે કરેલી વ્યવસ્થાઓને ફરીથી એકવાર ચકાસી લો. હવે, બેસ્ટ ઓફ લક એન્ડ કોન્ગ્રેચ્યુલેશન ફોર મેરેજ ફંકશન...!

sanjogpurti@gmail.com

# કીટુની લપસણી !



એક દિવસ ગજ્જુ હાથી નદી કિનારે મસ્ત મજાના ઘસઘસાટ નસકોરાં બોલાવતો હતો - ‘ઘુર્રર... ફસસસ... ઘુર્રર... ફસસસ!’

એની લાંબી સૂંઢ તો રસ્તા પર પથરાઈને પડી હતી. એટલામાં ત્યાંથી નટખટ કીટુ કીડી પસાર થઈ. કીટુએ જોયું તો એને થયું, ‘અરે! આ ગજ્જુભાઈની સૂંઢ તો કેવી લાંબીલચ! લપસણી ખાવાની મજા પડી જાય - ‘સરરરપ સરરરપ’

કીટુ તો એના ઝીણા ઝીણા પગે ચડી ગજ્જુની સૂંઢના છેડે. એણે ઉપરથી નીચે જોયું અને બોલી— ‘રેડી... સ્ટેડી... એન્ડ ગો...!’ સરરરરરરરર... કરતી કીટુ લપસી! પણ વચ્ચે આવ્યું ગજ્જુનું મોટું નસકોરું! કીટુ તો ત્યાં જઈને અટકી ગઈ. કીટુએ વિચાર્યું, ‘આ રસ્તો તો પોચો પોચો છે, પણ અહીંથી પવન કેમ ફૂંકાય છે?’

કીટુએ કુતૂહલવશ ગજ્જુના નસકોરામાં ડોકિયું કર્યું. ત્યાં જ ગજ્જુને ગલીપચી થઈ! ગજ્જુની સૂંઢ ફફડી - ‘ફરરર... ફરરર!’ કીટુ હસીને બોલી, ×ઓહો! આ લપસણી તો ડાન્સ પણ કરે છે!’



રે વાર્તા!
મનીષ સુથાર

ગજ્જુ હાથીને તો ઊંઘમાં એમ થયું કે નાક પર કોઈ મચ્છર બેઠું છે. એણે જોરથી હવા ભરી અને પછી...

‘હાં... હાં... હાં... છીઈઈઈઈઈઈઈઈઈ!’

એવો જોરદાર ફટાકડો ફૂટ્યો કે કીટુ કીડી તો સૂંઢ પરથી ઊછળીને સીધી હવામાં! કીટુ તો આકાશમાં ગોથાં ખાવા લાગી - ‘બચાવો... બચાવો... અરે, હું તો પ્લેન બની ગઈ!’ પણ નસીબજોગે, કીટુ સીધી જઈને પડી ગજ્જુ હાથીના મોટા સૂપડા જેવા કાનમાં! કાનમાં તો અંધારું ઘોર. કીટુને થયું, ‘અરે, લપસણી ખાતા ખાતા હું તો ગુફામાં આવી ગઈ!’

કીટુએ તો કાનની અંદર ચાલવાનું શરૂ કર્યું. ગજ્જુ હાથી તો હવે જાગી ગયો હતો. એને કાનમાં એવી ગલીપચી થઈ કે એ તો એક પગે નાચવા માંડ્યો! ‘ઓઈ મા... ઓઈ મા... મમ્મી રે...!’ ગજ્જુ તો કૂદવા લાગ્યો. જંગલના વાંદરાઓ ઝાડ પરથી આ બધું જોતા અને વિચારતા હતા - ‘અરે! આ ગજ્જુ હાથી આજે સવાર સવારમાં કેમ ડાન્સ કરે છે?’

ગજ્જુએ એનો કાન જોરથી ફફડાવ્યો - ‘ફડ-ફડ... ફડ-ફડ!’

કીટુ કીડી તો કાનમાંથી લપસીને સીધી ગજ્જુની આંખ સામે લટકી ગઈ.

ગજ્જુએ કીટુને જોઈને પૂછ્યું, ‘એ નાનકી! તેં તો મારા કાનમાં ડી.જે. વગાડ્યું કે શું?’ કીટુ ખડખડાટ હસીને બોલી, ‘ગજ્જુ ભાઈ, તમારી લપસણી તો બહુ ડેન્જર છે! મને તો રૉકેટ બનાવીને ઉડાડી દીધી!’ ગજ્જુ પણ હસવા લાગ્યો - ‘હો... હો... હો...!’

પછી તો ગજ્જુએ સૂંઢમાં પાણી ભર્યું અને કીટુ માટે ‘વોટર-પાર્ક’ બનાવ્યો. ગજ્જુ સૂંઢમાંથી પાણી ઊડાડે અને કીટુ એ પાણીના ફુવારામાં નાચે, કૂદે ને ન્હાય! આ જોઈ જંગલનાં બધાં પ્રાણીઓ ગાવા લાગ્યાં :

‘ગજ્જુની સૂંઢ, કીટુની મોજ,
લપસણી ખાવા મળે છે રોજ!
હાથી હસે, કીડી નાચે,
બંને પાક્કા ભાઈબંધ સાચે!’

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ “ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

### ધાર્મિક કાર્યક્રમોની સાથે રક્તદાન કેમ્પ યોજાયો

# અમેરિકાના સવાના સ્વામિનારાયણ મંદિરે હનુમાન જન્મોત્સવ ઉજવાયો

અમરેલી,તા.૦૭



અમદાવાદ SGVP ગુરુકુલના અધ્યક્ષ સ્વામી માધવપ્રિયદાસજીની પ્રેરણાથી અમેરિકાના સવાના સ્થિત શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિરે હનુમાન જયંતિનો અદ્ભુત ઉત્સવ ઉજવાયો હતો. આ અવસર SGVP ગુરુકુલ અમેરિકાના દશાબ્દી વર્ષ, દ્વાદશ જ્યોર્તિલિંગના તૃતીય પાટોત્સવ અને સનાતન મંદિરના સાતમા પાટોત્સવના ત્રિવેણી સંગમ સમાન હતો. આ પ્રસંગે પાંચ દિવસીય 'ફેઈથ ઓફ ફેસ્ટિવલ'નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પોથીયાત્રા, શ્રી સ્વામિનારાયણ ચરિતગાથા, ૧૦૮ હનુમાન ચાલીસાના પાઠ અને સુંદરકાંડના ગાન સાથે હનુમાનજીનો પ્રાગટયોત્સવ તથા મહાભિષેક ભક્તિભાવપૂર્વક સંપન્ન થયો હતો. ધાર્મિક કાર્યક્રમોની સાથે સામાજિક સેવાની જ્યોત જલાવતા રક્તદાન કેમ્પ અને 'ફર્સ્ટ રિસ્પોન્ડર્સ'ના લાભાર્થે યુનિટી વોક યોજાયા હતા. પૂજ્ય શાસ્ત્રી ભક્તિવેદાંતદાસજી સ્વામીએ કથાનું રસપાન કરાવ્યું હતું, જ્યારે બાલવિકાસ કેન્દ્રના બાળકોએ શ્રીકૃષ્ણાવતાર પર આધારિત સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. મહોત્સવમાં સ્વામી માધવપ્રિયદાસજીએ ઓનલાઈન આશીર્વાદ આપ્યા હતા તથા પૂજ્ય ધર્મપ્રિયદાસજી સ્વામી અને શાસ્ત્રી ધર્મવત્સલદાસજી સ્વામીએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. સમગ્ર મહોત્સવનું સંચાલન શાસ્ત્રી વેદાંતસ્વરૂપદાસજી સ્વામીએ સંભાળ્યું હતું અને અનેક સંતોએ આ મહોત્સવને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

# વિદેશમાં અભ્યાસ-સ્કોલરશિપના માર્ગદર્શન માટે કડવા પટેલ સમાજ ઓફ નોર્થ અમેરિકા દ્વારા તા.૨૫મીએ વેબિનાર

**વિદ્યાર્થીઓને એડમિશન પ્રક્રિયા, અને આર્થિક આયોજન વિશે પણ મહત્વપૂર્ણ માહિતી મળશે**

અમરેલી,તા.૦૭

કડવા પટેલ સમાજ ઓફ નોર્થ અમેરિકા (KPSNA-USA) દ્વારા વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ અંગે માર્ગદર્શન આપવા માટે એક મહત્વપૂર્ણ વેબિનાર શનિવાર, ૨૫ એપ્રિલના રોજ રાતે ૦૮:૦૦ કલાકે યોજાશે. આ વેબિનારમાં હાર્વર્ડ યુનિવર્સિટીના વિદ્યાર્થી નંદ જાવિયા મુખ્ય વક્તા તરીકે જોડાશે. તેઓ વિદ્યાર્થીઓને USA અને અન્ય દેશોમાં ઉચ્ચ અભ્યાસ માટે અરજી કેવી રીતે કરવી, સ્કોલરશિપ કેવી રીતે મેળવવી અને મજબૂત પ્રોફાઈલ કેવી રીતે બનાવવી તે અંગે માર્ગદર્શન આપશે. તેઓ પોતાના વ્યક્તિગત અનુભવ, પડકારો અને માહિતી પણ આપશે, જે વિદ્યાર્થીઓ માટે ખૂબ ઉપયોગી સાબિત થશે. આ વેબિનાર માત્ર વિદ્યાર્થીઓ માટે જ નહીં, પરંતુ વાલીઓ માટે પણ લાભદાયી છે, જેથી તેઓ પોતાના સંતાનોને યોગ્ય માર્ગદર્શન આપી શકે. વિદ્યાર્થીઓને એડમિશન પ્રક્રિયા, જરૂરી દસ્તાવેજો, સમયરેખા અને આર્થિક આયોજન વિશે પણ મહત્વપૂર્ણ માહિતી મળશે. આ વેબિનાર દરેક માટે નિઃશુલ્ક છે.

# અમદાવાદ ઢોસા ખીરા કાંડમાં સત્ય શોધવા બાળકીનો મૃતદેહ બહાર કાઢી પોસ્ટમોર્ટમ કરાયું

અમદાવાદ,તા.૦૭



ચાંદખેડામાં ઢોસાનું ઝેરી ખીરું ખાવાથી બે માસૂમ બાળકીઓના મોતના કેસમાં નવો વળાંક આવ્યો છે. અઢી મહિનાની બાળકીની અંતિમવિધિ થઈ ગઈ હોવા છતાં, શંકાસ્પદ સંજોગોને પગલે પોલીસે એફએસએલ (FSL)ની હાજરીમાં મૃતદેહને ફરી બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે મોકલ્યો છે. બજારમાંથી લાવેલા ખીરાના સેવન બાદ પરિવારના સભ્યોની તબિયત લથડી હતી, જેમાં ૩ મહિનાની અને ૪ વર્ષની બાળકીના મોત નીપજ્યા છે, જ્યારે માતા-પિતા હજુ પણ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. પોલીસ હવે લેબોરેટરી રિપોર્ટ દ્વારા ખીરામાં ભેળસેળ કે ઝેરી તત્વોની તપાસ કરી રહી છે.

# ધોરાજીમાં તંત્રની અણઘડ નીતિ: સરદાર ચોકથી બસ સ્ટેશન સુધીનો રોડ ફરી ખોદાયો, પ્રજા ત્રસ્ત

ધોરાજી,તા.૦૭



ધોરાજી શહેરમાં રોડ-રસ્તા અને પાણીની સમસ્યા જાણે નાગરિકો માટે કાયમી અભિશાપ બની ગઈ છે. તાજેતરમાં જ ગેલેક્સી ચોકથી પોસ્ટ ઓફિસ ચોક સુધીના માર્ગની નબળી કામગીરી ઉઘાડી પડ્યા બાદ, હવે સરદાર ચોકથી બસ સ્ટેશન તરફ જતો સિમેન્ટ રોડ ફરીથી ખોદવાનું શરૂ કરવામાં આવતા જનતામાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. નવા બનેલા રસ્તાઓ લોકાર્પણ પૂર્વે જ તોડવાની નોબત આવતા તંત્રના આયોજન સામે અનેક સવાલો ઉઠ્યા છે.

શહેરમાં ઉપલેટા રોડ, જમનાવડ રોડ અને જેતપુર રોડ જેવા મુખ્ય માર્ગો પર કામગીરી અત્યંત મંદ ગતિએ ચાલી રહી છે. ધૂળની ડમરીઓ અને ખોદાયેલા રસ્તાઓને કારણે વાહનચાલકો અને રાહદારીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. એક તરફ પીવાના પાણી માટે ૧૫-૧૫ દિવસની રાહ જોવી પડે છે, બીજી તરફ નબળા કામોને કારણે રસ્તાઓનું વારંવાર ખોદકામ પ્રજાની ધીરજની કસોટી કરી રહ્યું છે. સ્થાનિકોની માંગ છે કે અધૂરા કામો સત્વરે પૂર્ણ કરી ગુણવત્તાયુક્ત રસ્તા બનાવવામાં આવે.

# મધ્યપ્રદેશમાં આંબેડકર જયંતિ પર ૮૭ કેદીઓને જેલમુક્તિની ભેટ

ભોપાલ,તા.૦૭

મધ્યપ્રદેશના ગૃહ વિભાગે જેલના કેદીઓ માટે એક માનવીય નિર્ણય લીધો છે. આગામી ૧૪ એપ્રિલે ડૉ. ભીમરાવ આંબેડકર જયંતિ નિમિત્તે રાજ્યની વિવિધ જેલોમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા ૮૭ કેદીઓને વહેલા મુક્ત કરવામાં આવશે. આ ઉપરાંત, અન્ય ૭ કેદીઓને સજામાં ખાસ માફી આપવામાં આવશે.ગૃહ વિભાગની નવી માર્ગદર્શિકા મુજબ, સારા વર્તનવાળા કેદીઓને વર્ષમાં પાંચ વખત (૨૬ જાન્યુઆરી, ૧૪ એપ્રિલ, ૧૫ ઓગસ્ટ, ૨ ઓક્ટોબર અને ૧૫ નવેમ્બર) મુક્તિ આપવામાં આવે છે. આ પગલાનો હેતુ જેલોમાં ભીડ ઘટાડવાનો, કેદીઓના વર્તનમાં સુધારો લાવવાનો અને તેમના પુનર્વસન માટે તક પૂરી પાડવાનો છે. અગાઉ ૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ પણ અનેક કેદીઓને મુક્ત કરવામાં આવ્યા હતા.

# ચોટીલા હાઈવે પર થયેલા અકસ્માતમાં મોરબીના મહંત અને તેમના પત્નીનું ઘટનાસ્થળે મોત નિપજ્યુ


સુરેન્દ્રનગર,તા.૦૭




સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા-ચોટીલા હાઈવે પર આજે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. ગોપી હોટલ પાસે પુરપાટ ઝડપે જઈ રહેલી કારના ચાલકે સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવતા કાર માર્ગની સાઈડમાં ઉભેલી ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ ભયાનક ટક્કરમાં કારમાં સવાર દંપતીનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. અકસ્માતમાં જાન ગુમાવનાર મૃતકોની ઓળખ મોરબીના શક્ત શનાળા સ્થિત શક્તિ માતાના મંદિરના મહંત મનસુખગીરી ગોસ્વામી અને તેમના પત્ની વૈશાલીબેન ગોસ્વામી તરીકે થઈ છે. દંપતી સાયલાથી ચોટીલા તરફ જઈ રહ્યું હતું ત્યારે આ દુર્ઘટના ઘટી હતી. અકસ્માત એટલો ભીષણ હતો કે કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને દંપતીને બચાવવાની તક પણ મળી નહોતા. ઘટનાની જાણ થતા જ સાયલા પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે બંને મૃતદેહોને બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે સાયલાની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યા છે. હાઈવે પર અકસ્માતને પગલે લોકોના ટોળાં ઉમટી પડ્યા હતા અને વાહનવ્યવહારને પણ અસર પહોંચી હતી.

# વડોદરામાં જીએસએફસી બ્રિજ પર ટ્રિપલ અકસ્માત, બે ટ્રક વચ્ચે રિક્ષા ચગદાતા બેના કરૂણ મોત

વડોદરા,તા.૦૭



વડોદરાના જીએસએફસી (GSFC) બ્રિજ પર આજે એક કાળજું કંપાવનારો અકસ્માત સર્જાયો હતો. બે ભારે માલવાહક વાહનો (ટ્રક) વચ્ચે એક પેસેન્જર રિક્ષા પત્તાની જેમ ચગદાઈ જતાં ટ્રિપલ અકસ્માત સર્જાયો હતો. આ ભયાનક દુર્ઘટનામાં રિક્ષામાં સવાર પાંચ મુસાફરો પૈકી બે વ્યક્તિઓના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યા છે, જ્યારે અન્ય ત્રણ મુસાફરો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.અકસ્માત એટલો ભીષણ હતો કે રિક્ષા બંને ટ્રકો વચ્ચે દબાઈને લોખંડના પડીકા જેવી બની ગઈ હતી. સ્થાનિક લોકો અને રાહદારીઓએ ભારે જહેમત બાદ રિક્ષામાં ફસાયેલા મુસાફરોને બહાર કાઢ્યા હતા. આ ઘટનાને પગલે હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી હતી અને ટ્રાફિક વ્યવહાર કલાકો સુધી ખોરવાયો હતો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ભારે વાહનોની તેજ ગતિને કારણે રિક્ષાનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.

# દેશને ૬ સનાતની બાળકો આપ્યા, હિન્દુ પરિવારે ત્રણ બાળકો પેદા કરવા જોઈએ : સીમા હૈદર

નોઈડા,તા.૦૭



ઉત્તર પ્રદેશમાં વસ્તી વધારાના મુદ્દા પર ચાલી રહેલી ચર્ચા વચ્ચે પાકિસ્તાની નાગરિક સીમા હૈદરે એક નવું નિવેદન આપીને વિવાદ છંછેડ્યો છે. સીમાએ દાવો કર્યો છે કે તેણે દેશને છ 'સનાતની' બાળકો આપ્યા છે અને દરેક હિન્દુ પરિવારે ઓછામાં ઓછા ત્રણ બાળકો પેદા કરવા જોઈએ. તેના મતે, હિન્દુ વસ્તીમાં થઈ રહેલા ઘટાડાને રોકવા માટે આ જરૂરી છે. સીમા હૈદર તેના ચાર બાળકો સાથે પાકિસ્તાનથી ભારત આવી હતી અને સચિન મીના સાથે લગ્ન કર્યા બાદ તેણે અન્ય બે બાળકોને જન્મ આપ્યો છે. તાજેતરમાં તેના વકીલ એપી સિંહે સીમાના પાંચમા અને છઠ્ઠા સંતાન સાથેનો વીડિયો વાયરલ કર્યો હતો, જેમાં બાળકોને 'ભારત' અને'ભારતી' મીના તરીકે ઓળખાવ્યા છે.

# ધોરાજીમાં હજરત લાલશાહ વલીની દરગાહ ખાતે ઉર્ષ મહોત્સવ યોજાયો

ધોરાજી,તા.૦૭


તસવીર : નયન કુહાડીયા

ધોરાજી શહેરમાં હજરત લાલશાહ વલીની દરગાહ ખાતે ચાર દિવસીય પવિત્ર ઉર્ષ મહોત્સવ શ્રધ્ધા, ભક્તિ અને કોમી એકતાના અનોખા દશ્યો સાથે શાનદાર રીતે સંપન્ન થયો છે. આ મહોત્સવ દરમિયાન મોટી સંખ્યામાં હિન્દુ અને મુસ્લિમ ભક્તોએ સાથે મળીને દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. દરગાહની પરંપરા મુજબ નોનવેજ ભોજનનો ત્યાગ કરીને ભક્તો અહીં પધારે છે અને પોતાની મન્નતો પૂર્ણ થતાં વિશેષ રૂપે 'પાનની માનતા' ચઢાવે છે. ફકીર લંગર કમિટી દ્વારા સંપૂર્ણ શાકાહારી પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# ૧૯૭૧મા બંગાળ પર નજર નાખવાથી પાકિસ્તાનના બે ટુકડા થયા હતા : રાજનાથ સિંહ

કોલકાતા,તા.૦૭



પાકિસ્તાની સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફની કોલકાતા પર હુમલાની ધમકી સામે ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે આકરો જવાબ આપ્યો છે. પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પ્રચાર દરમિયાન તેમણે પાકિસ્તાનને ચેતવણી આપતા કહ્યું કે, ૧૯૭૧માં બંગાળ પર નજર નાખવાની ભૂલને કારણે પાકિસ્તાનના બે ભાગ થયા હતા. જો આ વખતે પાકિસ્તાન કોઈ પણ દુઃસાહસ કરશે, તો તેના કેટલા ટુકડા થશે તેની તે કલ્પના પણ કરી શકશે નહીં. રાજનાથ સિંહે 'ઓપરેશન સિંદૂર'માં પાકિસ્તાનને થયેલા ભારે નુકસાનની યાદ અપાવતા દુશ્મન દેશને સંયમ રાખવા સલાહ આપી છે.

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈ ગોંડલ પંથકમાં ફોર્મ ઉપાડવા ઉમેદવારોનો ઘસારો

ગોંડલ,તા.૦૭


તસવીર : ભોજાણી દેવાંગ

ગોંડલ પંથકમાં હાલ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની બેઠકો માટે રાજકીય માહોલ ભારે ગરમાયો છે. ચૂંટણીના પ્રથમ દિવસે જ વિવિધ પક્ષોના ઉમેદવારો અને અપક્ષો દ્વારા ફોર્મ ઉપાડવાની પ્રક્રિયા જોરશોરથી હાથ ધરવામાં આવી હતી. આ વખતે ગોંડલ પંથકમાં કુલ ત્રણ સ્તરે ચૂંટણી જંગ જામવાનો છે, જેમાં રાજકોટ જિલ્લા પંચાયતની બે બેઠકો, ગોંડલ તાલુકા પંચાયતની ૨૨ બેઠકો અને ગોંડલ નગરપાલિકાના ૧૧ વોર્ડની કુલ ૪૪ બેઠકોનો સમાવેશ થાય છે. ચૂંટણી પ્રક્રિયાને સુવ્યવસ્થિત રીતે પૂર્ણ કરવા માટે વહીવટી તંત્ર સંપૂર્ણપણે સજ્જ બન્યું છે. વહીવટી તંત્ર દ્વારા વિવિધ સ્તરે અનુભવી અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે, જેમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી બી.આર. સોજીત્રા, મામલતદાર આર.બી. ડોડીયા, અને ડેપ્યુટી કલેક્ટર રાહુલ ગમારા જેવા અધિકારીઓ પોતાની જવાબદારી સંભાળશે. પ્રથમ દિવસે ઉમેદવારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો, જેમાં નગરપાલિકા માટે ૨૬ ફોર્મ, જિલ્લા પંચાયત માટે ૧૫ ફોર્મ અને તાલુકા પંચાયત માટે ૨૩ ફોર્મનો ઉપાડ થયો હતો. આગામી દિવસોમાં આ રાજકીય જંગ વધુ તીવ્ર બનવાની શક્યતાઓ દેખાઈ રહી છે.

# રાષ્ટ્રપતિ ટ્રમ્પનું વિવાદાસ્પદ નિવેદન: 'અમેરિકા હોર્મુઝ સ્ટ્રેટમાં પસાર થતા જહાજો પાસેથી ટોલ વસૂલશે'

વોશિંગ્ટન,તા.૦૭




ઈરાન સાથેના વધતા તણાવ વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક ચોંકાવનારું નિવેદન આપ્યું છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાન સાથેનું યુદ્ધ લગભગ સમાપ્ત થઈ ગયું છે અને હવે અમેરિકા વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ એવા 'હોર્મુઝ સ્ટ્રેટ' પર નિયંત્રણ મેળવશે. ટ્રમ્પે સૂચવ્યું કે આ માર્ગ પરથી પસાર થતા આંતરરાષ્ટ્રીય જહાજો પાસેથી હવે અમેરિકા ટોલ ટેક્સ વસૂલશે.

અલ જઝીરાના અહેવાલ મુજબ, જ્યારે ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે શું તેઓ ઈરાનને ટોલ વસૂલવાની મંજૂરી આપશે, ત્યારે તેમણે વળતો પ્રશ્ન કર્યો કે, 'આપણે પોતે જ ટોલ કેમ ન વસૂલીએ? આપણે વિજેતા છીએ.' ટ્રમ્પને વિશ્વાસ છે કે ઈરાન લશ્કરી રીતે પરાજિત થયું છે, જોકે વાસ્તવિકતામાં ઈરાન હજુ પણ મિસાઈલ અને ડ્રોન હુમલાઓ દ્વારા પોતાનો પ્રતિકાર ચાલુ રાખી રહ્યું છે. ટ્રમ્પે ઈરાન દ્વારા પાણીમાં સુરંગો (Mines) બિછાવવાની ધમકીને માત્ર 'માનસિક રમત' ગણાવી છે. આ નિવેદનથી વૈશ્વિક સ્તરે નવા વિવાદો સર્જાયા છે, કારણ કે હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વના તેલ પુરવઠા માટે અત્યંત મહત્વનો જળમાર્ગ છે.

**બગસરાના સાપર ગામના આશાસ્પદ યુવાનનું કરૂણ મોત થતા ગામમાં શોકનો માહોલ**

# ધારી નજીક અલ્ટો કારે ત્રણ ગોથા ખાધા બાદ યુવકનું મોત

અમરેલી,તા.૦૭

અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી માર્ગ અકસ્માતોની હારમાળા અટકવાનું નામ નથી લઈ રહી, જેના કારણે અનેક પરિવારોએ પોતાના વહાલસોયા ગુમાવ્યા છે. આવી જ એક હૃદયદ્રાવક ઘટના ગત તારીખ ૨ના રોજ ધારી-બગસરા હાઈવે પર પ્રેમપરા ગામ પાસે બની હતી, જેમાં એક આશાસ્પદ યુવાનનું કરૂણ મોત નીપજ્યું છે. આ અકસ્માત એટલો ભયાનક હતો કે તેના સીસીટીવી ફૂટેજ જોઈને કોઈપણ વ્યક્તિનું કાળજું કંપાઈ ઉઠે. વિગતો મુજબ, સાપર ગામનો જય કમલેશભાઈ સુદાણી નામનો યુવાન તેના બે મિત્રો સાથે અલ્ટો કારમાં સવાર થઈને નીકળ્યો હતો. કાર અત્યંત પુરપાટ ઝડપે દોડી રહી હતી ત્યારે અચાનક ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો. બેકાબૂ બનેલી કાર રોડની નીચે ઉતરી ગઈ હતી અને હવામાં ફંગોળાઈને એક પછી એક ત્રણ ગોથાં ખાઈ ગઈ હતી. આ



ભયાનક પલટીઓ દરમિયાન યુવાન કારની બારીમાંથી બહાર ફેંકાયો હતો અને કમનસીબે કારના ટાયર નીચે જ દબાઈ ગયો હતો. ગંભીર રીતે ઘાયલ થયેલા જયને તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં પ્રથમ સ્થાનિક હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ કુદરતને કંઈક બીજું જ મંજૂર હતું અને સારવાર દરમિયાન તેનું નિધન થયું હતું. આ કરૂણ સમાચાર મળતા જ સાપર ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે. કહેવાય છે કે આ યુવાન સુરતમાં બોર્ડની પરીક્ષા આપીને વેકેશન માણવા વતન આવ્યો હતો અને મિત્રો સાથે કાર ચલાવવાનું શીખી રહ્યો હતો ત્યારે જ આ કાળમુખો અકસ્માત નડ્યો હતો. જોકે, આ અકસ્માતમાં અન્ય બે મિત્રોનો ચમત્કારિક બચાવ થયો છે, જેઓ કાર ઉભી રહ્યા બાદ સુરક્ષિત રીતે બહાર નીકળી શક્યા હતા. હાલમાં આ મામલે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવશે પરંતુ આ ઘટનાએ ફરી એકવાર સ્પીડ અને ડ્રાઈવિંગમાં બેદરકારી સામે લાલબત્તી ધરી છે.

**અકસ્માતમાં બે મિત્રોનો ચમત્કારિક બચાવ, પોલીસે તપાસ શરૂ કરી**

## રાજકોટ મનપા ચૂંટણી પહેલા 'આપ'ના બે ઉમેદવાર વિરૂધ્ધ પોલીસ ફરિયાદ

રાજકોટ,તા.૦૭

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી પહેલાં રાજકીય ગરમાવો વધ્યો છે. વોર્ડ નંબર ૪ના આમ આદમી પાર્ટીના ઉમેદવાર રાહુલ ભુવા અને હાર્દિક રાબડીયા વિરુદ્ધ બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. મનપાની દબાણ હટાવ શાખાના અધિકારી દિગ્વિજયસિંહ જાડેજાએ આક્ષેપ કર્યો છે કે, કુવાડવા રોડ પર ચૂંટણી બોર્ડ હટાવવાની કામગીરી દરમિયાન



આ બંને વ્યક્તિઓએ સરકારી ફરજમાં રુકાવટ કરી હતી અને કર્મચારીઓ સાથે ઘર્ષણ કર્યું હતું. પોલીસે બીએનએસની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ગુજરાત-રાજસ્થાન ATSનું મેગા ઓપરેશન: ૨૫ કરોડના ડ્રગ્સ સાથે બે ઝડપાયા, પાકિસ્તાની કનેક્શનનો પર્દાફાશ

અમદાવાદ,તા.૦૭

ગુજરાત અને રાજસ્થાન એટીએસ (ATS) ના સંયુક્ત ઓપરેશનમાં આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સિન્ડિકેટનો પર્દાફાશ થયો છે. બાતમીના આધારે નેશનલ હાઈવે-૬૮ પર નાકાબંધી દરમિયાન જેસલમેર તરફથી આવતી એક ઈકો કારને રોકી તપાસ કરતા તેમાંથી ૫ કિલો



'મેથામ્ફેટામાઈન' ડ્રગ્સ મળી આવ્યું હતું. આ જથ્થાની બજાર કિંમત અંદાજે રૂ.૨૫ કરોડ આંકવામાં આવી છે. પોલીસે આ મામલે શંકરરામ રમેશરામ અને સલમાન લાલાખાન નામના બે શખ્સોની ધરપકડ કરી છે. પ્રાથમિક પૂછપરછમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે કે, આ નશીલો જથ્થો પાકિસ્તાનના થારપારકર વિસ્તારમાંથી સરહદ પાર કરાવી ભારતમાં લાવવામાં આવ્યો હતો. આરોપીઓના મોબાઈલ ફોનમાંથી વોટ્સએપ ચેટ અને કોલ રેકોર્ડિંગ જેવા મહત્વના ડિજિટલ પુરાવા મળ્યા છે.

## ધ્રોલ પોલીસે ફોર્ચ્યુનર કારમાંથી ૧,૮૫૨ વિદેશી દારૂની બોટલ ઝડપતા ચકચાર

જામનગર,તા.૦૭

ધ્રોલ પોલીસે પ્રોહિબિશન ડ્રાઈવ દરમિયાન જીવાપર-ખાખરા રોડ પર ફિલ્મી ઢબે પીછો કરી વિદેશી દારૂ ભરેલી ફોર્ચ્યુનર કાર ઝડપી પાડી છે. પોલીસે રૂ.૨.૭૭ લાખની કિંમતની ૧,૮૫૨ બોટલો, રૂ.૧૫ લાખની કાર અને મોબાઈલ સહિત કુલ રૂ.૧૮.૨૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે રાજકોટના રીઢા ગુનેગાર



ઘનશ્યામગીરી ગોસાઈની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય સાત શખ્સોને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

## સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈ મુખ્યમંત્રીની હાજરીમાં ઉમેદવારોની પસંદગીને લઈ બેઠક યોજાઈ

ગાંધીનગર,તા.૦૭

રાજ્યમાં આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યા છે ત્યારે મુખ્યમંત્રી નિવાસસ્થાને આયોજિત ભાજપ પ્રદેશ ચૂંટણી સમિતિની મહત્વપૂર્ણ બેઠક સંપન્ન થઈ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માના નેતૃત્વમાં મળેલી આ બેઠકમાં ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા પર ઊંડું મંથન કરવામાં આવ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર મ્યુનિસિપલ કોર્પોરેશનની બેઠકો માટે વિજયની સંભાવના અને સ્થાનિક પ્રતિભાવોને આધારે માઈક્રો લેવલનું



પ્લાનિંગ તૈયાર કરાયું છે. જ્યારે C અને D વર્ગની નગરપાલિકાઓ માટે સ્થાનિક સ્તરે જ ઉમેદવારો નક્કી કરવાની વ્યૂહરચના અપનાવવામાં આવી છે જેથી સામાજિક સમીકરણો જળવાઈ રહે. પાર્ટીએ આ વખતે કેટલાક કડક નિર્ણયો લીધા છે જેમાં સાઠ વર્ષની વયમર્યાદાનો અમલ, ત્રણ ટર્મની ફોર્મ્યુલા અને સગાવાદને દૂર રાખવા માટે પદાધિકારીઓના પરિવારજનોને ટિકિટ ન આપવાનો સમાવેશ થાય છે. આ શિસ્તબદ્ધ અભિગમથી અનેક દિગ્ગજ નેતાઓના પત્તા કપાઈ શકે છે અને નવી પેઢીના કાર્યકરો માટે રાજકારણના દ્વાર ખુલશે. ભાજપના આ વ્યૂહાત્મક ફેરફારો આગામી સમયમાં રાજ્યના રાજકીય ચિત્રમાં મોટું પરિવર્તન લાવી શકે છે.

## રાજયના વાતાવરણમાં પલટો : અનેક જિલ્લાઓમાં પવન સાથે ધોધમાર વરસાદ

અમદાવાદ,તા.૦૭

રાજ્યમાં મંગળવારના રોજ હવામાનમાં આવેલો અચાનક પલટો જનજીવન પર વ્યાપક અસર કરી રહ્યો છે. કાળઝાળ ગરમી વચ્ચે અમદાવાદ, મહેસાણા, સાબરકાંઠા અને ભાવનગર સહિતના અનેક વિસ્તારોમાં ગાજવીજ અને તેજ પવન સાથે કમોસમી વરસાદ ખાબક્યો



હતો. હિંમતનગરમાં કાળા ડિબાંગ વાદળોના ગડગડાટ સાથે વરસાદ તૂટી પડ્યો હતો, જ્યારે વિસનગરમાં પવનના સુસવાટા સાથે પડેલા વરસાદને કારણે માર્ગો પર પાણી ફરી વળ્યા હતા. આ અણધાર્યા ફેરફારથી વાતાવરણમાં ઠંડક તો પ્રસરી છે, પરંતુ ખેતી ક્ષેત્રે મુસીબતના વાદળો ઘેરાયા છે. ભારે પવનને લીધે અનેક સ્થળોએ ઘટાદાર વૃક્ષો ધરાશાયી થયા હોવાના અહેવાલો પણ પ્રાપ્ત થયા છે. ખાસ કરીને ખેતરમાં લણણીના આરે ઉભેલા પાકને મોટું નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે, જેને કારણે જગતનો તાત ભારે ચિંતામાં મુકાયો છે.

## અમદાવાદના બોપલમાં સ્પા યુવતી દ્વારા ચાલતું ડ્રગ્સ નેટવર્ક ઝડપાયું, ૪ની ધરપકડ

અમદાવાદ, તા.૦૭

શહેરના બોપલ અને સાણંદ વિસ્તારમાં સ્પાની આડમાં ચાલતા ડ્રગ્સ રેકેટનો સાણંદ પોલીસે પર્દાફાશ કર્યો છે. સ્પામાં કામ કરતી ફિઝા ઉર્ફે મુસ્કાન નામની યુવતી મુંબઈ અને રાજસ્થાનથી એમડી (MD) ડ્રગ્સ મંગાવીને ધવલ, વિકી અને જય નામના સાથીદારોની મદદથી વેચતી હતી. આરોપી ધવલ પોતાની કાપડની



દુકાનમાં ડ્રગ્સ છુપાવીને તેનું છૂટક વેચાણ કરતો હતો. પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને કુલ ચાર આરોપીઓની ધરપકડ કરી છે અને તેમની પાસેથી રૂ.૨.૧૪ લાખની કિંમતનું ડ્રગ્સ જપ્ત કર્યું છે. હાલ પોલીસે આ કેસના તાર ક્યાં સુધી જોડાયેલા છે તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.

## અમદાવાદમાં સીએનજીના ભાવ વધતા રિક્ષા ભાડામાં થયો વધારો

અમદાવાદ,તા.૦૭

મિડલ ઈસ્ટમાં યુદ્ધના સંકટ અને સીએનજીના ભાવમાં થયેલા વધારાને પગલે અમદાવાદના ઓટોરિક્ષા વેલ્ફેર એસોસિયેશને ભાડામાં વધારો જાહેર કર્યો છે. એસોસિયેશનના જણાવ્યા મુજબ, છેલ્લા ૪ વર્ષથી ભાડું વધારાયું નથી, તેથી હવે ૧.૨ કિમીના લઘુત્તમ રૂ. ૨૦ને બદલે રૂ.૩૦ વસૂલવામાં આવશે. જો સરકાર યોગ્ય



નિર્ણય નહીં લે, તો અંદાજે ૨.૫૦ લાખ રિક્ષાચાલકો મતદાનનો બહિષ્કાર કરશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

## ભાણવડમાં પાંચ વર્ષના માસૂમ બાળકને રખડતા કૂતરાએ ફાડી ખાતા અરેરાટી

દ્વારકા,તા.૦૭

દેવભૂમિ દ્વારકાના ભાણવડમાં રખડતા શ્વાનોના હુમલાએ એક નિર્દોષનો ભોગ લીધો છે. ખરાવડ વિસ્તારમાં રહેતા પરપ્રાંતીય શ્રમિક પરિવારનો ૫ વર્ષનો પુત્ર વિરાજ ઠાકરે ઘર પાસે રમી રહ્યો હતો, ત્યારે હિંસક શ્વાને તેના પર હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. સારવાર દરમિયાન બાળકનું



મોત નીપજતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. અગાઉ સુરતના લસકાણામાં પણ સાડા ત્રણ વર્ષના બાળક પર શ્વાનોના ઝુંડે હુમલો કર્યો હતો. વધતા જતા શ્વાનોના ત્રાસને પગલે સ્થાનિકોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.






## અમદાવાદની ૧૩૩ ગ્રાન્ટેડ શાળાઓને નોટિસ, રૂ.૨.૯૧ કરોડની ગ્રાન્ટ પરત કરવા આદેશ

અમદાવાદ,તા.૦૭

અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) કચેરી દ્વારા કરવામાં આવેલા ઓડિટમાં શહેરની ૧૩૩ ગ્રાન્ટેડ શાળાઓમાં નાણાકીય અનિયમિતતા સામે આવી છે.

આ શાળાઓ પાસે સરકારના કુલ રૂ.૨.૯૧ કરોડ બાકી હોવાનું ખુલ્યું છે. મણિનગરની જય સોમનાથ શાળા પાસે સૌથી વધુ રૂ.૬૨.૫૫ લાખ અને શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલ પાસે



રૂ.૨૯.૭૯ લાખનું લેણું બાકી છે.

તંત્ર દ્વારા તમામ શાળાઓને અંતિમ નોટિસ ફટકારીને પુરાવા સાથે હાજર થવા જણાવ્યું છે. જો નિર્ધારિત સમયમાં રકમ જમા નહીં કરાવવામાં આવે, તો મિલકત જપ્તી જેવી કડક કાર્યવાહી માટે કલેક્ટરને યાદી સોંપવામાં આવશે.